**પ્રથમ ઋક: પુ॒રુ॑ષઃ – પુરુષરૂપ નારાયણ स॒हस्र॑शीर्षा॒, स॒ह॒स्रा॒क्षः, स॒हस्र॑पात् – અહિયાં स॒हस्र॑ શબ્દ અનંતવાચી લેતા અનંતશીર્ષ, અનંતચક્ષુ, અનંતપાદ હોવાનું જણાવ્યું છે. ઉપલક્ષણ - વિધિ (स्वप्रतिपादकत्वेसति स्वेतरप्रतिपादकत्वम्) દ્વારા અનંત ઉરુ આદિ અવયવો આ પુરુષનાં છે. આ પ્રમાણેનું વર્ણન શ્રીમદ - ભાગવત પુરાણમાં "सहस्रोर्वन्घ्रिबाह्यक्षिसहास्राननशीर्षवान्" દ્વારા સૂચિત થાય છે. "स" - પુરુષરૂપ નારાયણ ભૂમિ - બ્રહ્માંડ પરક "विश्वतः" – વિશ્વ; જેનો અર્થ છે " સર્વ અને સમગ્ર " (सर्वं समस्तं विश्वं च). બ્રહ્માંડ અંતર્ગત વિશ્વ અને જગતને "अति" અતિશયપૂર્વક "वृत्वा" અભિવ્યાપીને "दशाङ्गुलं" – દશાંગુલ શબ્દ " वितस्ति " પરક છે. " वितस्ति "નો અર્થ " વેંત ". એક વેંત = દશ - આંગળ. દશ - આંગળના (એક વેંતના ) પરિમાણવાળા મનુષ્ય હૃદયમાં તે સ્થિત છે.**

**तत् श्रुष्ट्वा तदेवानुप्राविशत् तदनुप्रविश्य...**

**૧. જડ, ચેતન, અંતર્યામીનો બ્રહ્મ સાથે તાદાત્મ્ય અને**

**૨. કાર્ય અને કારણનો બ્રહ્મ સાથે તાદાત્મ્યનો બોધ થાય છે.**

**વિશ્વની બ્રહ્માત્મકતા દર્શાવીને (બ્રહ્મ વિશ્વમાં અન્વિત છે ), બ્રહ્મ વિશ્વથી વ્યતિરિક્ત પણ છે (અન્વય અને વ્યતિરેક) તેવું દર્શાવવા આગળ કહે છે - अत्य॑तिष्ठद्दशाङ्गु॒लम्. " ભગવાનને વિશ્વ જેવડા કહીએ તો તેનું માપ થઈ ગયું ગણાય, માટે તેને અપરિચ્છિન્ન કહેવા માટે કહે છે કે તેનાથી વિશ્વનું માપ લેવાય છે, તે વિશ્વ ભગવાનને માપી નથી શકતું. જાતિની પેઠે પરિચ્છેદનું વારણ કરે છે, કેમકે જાતી તેટલામાં રહીને તેને વ્યાપ્ત થાય છે. આ પુરુષ તો તેટલામાં રહીને એક વેંત વધારે રહે છે. વેંત બાર આંગળની થાય છે. તે ઝીણી આંગળીયો બાર થતી હશે એ હિસાબે " वितस्ति " કહી છે. અથવા તો વેંતનાં દસ આંગળ ગણાતા હશે. અંગુઠો અને ટચલી આંગળીની વચ્ચે સહેજ આગળ અંતર દેખાય છે, આથી સ્થૂલ અને સૂક્ષ્મ ધ્યાનમાં સંપૂર્ણ ભગવાન જણાઈ રહે છે, તેથી વિશ્વાત્મક સ્થૂળ છે. " वितस्ति " રૂપ જુદા છે. આઠ વેંતનો પુરુષ થાય. સર્વત્ર તો પ્રભુ આઠ વેંત થાય, એક વેંત વધારે પણ થાય. માટે જેટલા ભગવાન તેટલું બધું જગત પછી પ્રભુ તેનાથી પણ અધિક છે, તેથી માપમાં આવતા નથી. વેંતભરમાં જ રહે છે**

એમ પણ નથી. તેથી પણ અધિક છે. તેથી તે તેટલાં જ છે એમ ચોક્કસ થતું નથી – (સુબોધિની ૨-૬-૧૫)"

'शीर्षन् छन्दसि' - ' शिर ' શબ્દનો અર્થ ' शीर्ष ' (શ્રીમસ્તક). ' सहस्त्र ' શબ્દનો અર્થ ' અનંત ' થાય છે 'अनन्तबाहूदरवक्त्रनेत्रम्'. 'पाद' શબ્દ ઉપલક્ષણ તયા અર્થ આપે છે – 'सर्वतः पाणिपादं तत् सर्वतोक्षिशिरोमुखम् | सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति', 'विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतोबाहुरुत विश्वतस्पात्'.

૧. ભગવદ્ શ્રીવિગ્રહની આનંદાત્મકતા સિદ્ધ થાય છે. "अनन्त' નો અર્થ આનંદ થાય છે. 'सत्यम् ज्ञानम् अनन्तम् ब्रह्म' (तै. उप.) , 'आनन्दकरपादमुखोदरादि' इत्यादि દ્વારા ભગવાનનાં દેહની અપ્રાકૃતતા, દિવ્યતા અને તેજોમયતાનું વર્ણન છે (प्राकृतधर्म अनाश्रयम् अप्राकृत निखिलरूपम् इति – सर्वोत्तम स्तोत्रम्). અથવા

૨. ત્રૈલોક્યની ભગવદ - રૂપતા (વિગ્રહ - રૂપતા) અને સુર, નર અને અસુર લોકોની પાદ આદિ અવયવો સાથે તદીયતાનો બોધ

૩. અથવા પાદ આદિનાં તત - તત કાર્યો – ગમન, દર્શન, વચન આદિ લાક્ષણિક અર્થો લેતા - સહસ્ત્ર પાદ દ્વારા તેની સર્વગતતા, સહસ્ત્ર અક્ષી દ્વારા તેની સર્વદર્શિત્વતા, સહસ્ત્ર શીર્ષ દ્વારા સર્વાધારત્વતા, સર્વલોક અભિષિક્તતા અને સર્વસુખ પ્રદાનત્વતા સૂચિત થાય છે. કેશ આદિ પાદ સુધી સર્વ અવયવોની અનંતતા સૂચિત થાય છે. અક્ષીનાં ઉપલક્ષણ દ્વારા પંચેન્દ્રિયો પણ સિદ્ધ થાય છે.

૪. અથવા તેની સર્વાધિકત્વ, સર્વજ્ઞત્વ, સર્વશક્તિત્વતા સિદ્ધ થાય છે.

" પુરુષ " નાં વિવિધ અર્થો –

- पुराणत्वात् पुरुषः - પુરાણમાં જેનું સહાસ્ત્રક્ષ સહસ્ત્રપાદ દ્વારા વર્ણન છે તે પુરુષ (કૂર્મ પુરાણ)
- पूर्णत्वात् पुरुषः - જેના દ્વારા આ સર્વ પૂર્ણ થાય છે તે પુરુષ (तेनेदं पूर्णं पुरुषेण सर्वम्)
- पुरि शयनात् पुरुषः - જે પુરમાં શયન કરે છે તે પુરુષ. श - કાર ને ष - કારથી આદેશ કરવાથી વ્યુત્પન્ન થાય છે. ("पुरमाक्रम्य सकल शेते यस्मान्महाप्रभु| तस्मात् पुरुष इत्येव प्रोच्यते तत्त्वचि तकै||" - विष्णु स्मृति), (य आत्मनि तिष्ठन्...)
- पुरु शब्दो बहुपर - જે ઘણાંઓથી ભજનીય છે તે પુરુષ (वन षण सभक्तौ)
- बहुदानात् पुरुषः - षण दाने - જે બહુ દાન કરે તે પુરુષ

આ સર્વ ગુણો તો ભગવાન વાસુદેવમાં જ છે. તેથી પુરુષનો અર્થ વાસુદેવ પર છે.

અન્ય અર્થો સ્મૃતિ પ્રમાણે

विष्णोस्तु त्रीणि रूपाणि पुरुशाख्यान्यथो विदुः प्रथमं महतः स्रष्टृ द्वितीयं त्वण्डसंस्थितं तृतीयं सर्वभूतस्थं तानि ज्ञात्वा विमुच्यत

વિષ્ણુનાં पुरुष તરીકે ત્રિવિધરૂપો –

**૧. મહતનાં સર્જક તરીકે પુરુષ – પર પુરુષ. આ સાક્ષાત પર - બ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે (यस्मात् क्षरमतितोऽहम् अक्षरादपि चोत्तम अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः). આ પર – પુરુષ અનંત બ્રહ્માંડો નાં સર્જક છે (The Creator of Multi-verse).**

**૨. બ્રહ્માંડ સ્થિત પુરુષ – જેનું વર્ણન આ ઋક માં છે અને આગળ આવતી પંચમી ઋકમાં કરવામાં આવશે. આ વિરાટ પુરુષ છે. પર – પુરુષ શ્રીકૃષ્ણથી અંડ એટલે બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે અને આ બ્રહ્માંડથી વિરાટ પુરુષ ઉત્પન્ન થાય છે. (The Personified Form of Universe)**

**૩. અને સર્વ ભૂતોમાં સ્થિત (અંતર્યામી) તરીકે પુરુષ – અંતર્યામી પુરુષ (य आत्मनि तिष्ठन्...)**

**<u>કૃષ્ણ ની અખંડતા:</u>**

**મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય 'કૃષ્ણ' ની વ્યાખ્યા કરે છે – स एव परमकाष्ठापन्न: कदाचित् जगदुधारार्थम् अखण्डः पूर्णएव प्रादुर्भुतः 'कृष्ण' इति उच्यते (त. दि. नि.) - કૃષ્ણ એટલે જે બ્રહ્મ, પરમાત્મા અને ભગવાન છે, જે જગતનાં ઉદ્ધારાર્થ અખંડ અને પૂર્ણરૂપથી પ્રકટ થાય છે તે.**

**ભગવદ્ ગીતામાં સ્વયં શ્રીકૃષ્ણ પોતાને પૂર્ણ પુરુષોત્તમ કહે છે - यस्मात् क्षरमतितोहम् अक्षरादपि चोत्तमः अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः" - ક્ષર અને અક્ષરથી પણ હૂં ઉત્તમ છું અને લોક - વેદમાં હૂં 'પુરુષોત્તમ ' નામથી પ્રસિદ્ધ છું.**

**ભાગવત પુરાણમાં 'एते चांश कला पुंसाः कृष्णस्तु भगवान स्वयम्'- અન્ય અંશ, કલા અવતારો છે પણ કૃષ્ણ સ્વયં ભગવાન છે.**

**પ્રભુને પુરુષોત્તમ કહેવા અને વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ અને પ્રધ્યુમ્નને વ્યૂહ કહેવા એમાં આપણે જે તારતમ્ય કરીએ છીએ તે આત્યંતિક ભેદરૂપ ન સમજીને તાદાત્મ્યવાદાનુસારી લીલા ભેદની દ્રષ્ટીથી તેને માણવું જોઈએ.**

**ભાગવત દશમસ્કંધ જન્મ પ્રકરણ સુબોધિની ઉપરનાં વિવિધ ટીકાકારો દ્વારા વ્યૂહનું જે વિષ્લેષણ કરવામાં આવ્યું છે તે તાત્વિક ( Meta-physical ) ભેદ ન હોઈ ને લીલા ભેદની દ્રષ્ટીથી છે. દ્રષ્ટાંત તરીકે કોઈ વ્યક્તિનો ધંધામાં ભાગીદાર હોય અને તે ભાગીદારનો કોઈ વ્યક્તિગત પ્રસંગ હોય અને તેમાં તે વ્યક્તિને આમંત્રણ આપવાનું ભૂલી ગયા હોય અને ત્યાં તે વ્યક્તિ જઈને એમ કહે કે આજે હું એક ભાગીદાર તરીકે નહી પરંતુ એક મિત્ર તરીકે આવ્યો છુ. તેથી હવે ભાગીદાર અને તે વ્યક્તિ જુદા જુદા છે કે એક છે ? સ્વયં તે વ્યક્તિ અહિયા વ્યુહી છે અને ભાગીદાર તે વ્યક્તિ**નો **એક વ્યૂહ છે. તેમ વ્યક્તિનું મિત્ર હોવા પણું પણ એક વ્યૂહ છે.**

**બન્ને વ્યુહોમાં** ભેદ **(Differentiation) પણ બીજો કોઈ નહી પણ સ્વયં તે વ્યક્તિ જ કરે છે. તેથી તત્વ દ્રષ્ટીથી નહી પરંતુ લીલા દ્રષ્ટીથી તેને માણવાની આવશ્યકતા છે. આ દ્રષ્ટી કેળવવાથી જે વિવિધ ટીકાકારોનાં મતોમાં જે વિપ્રતીષેધનો આભાસ થાય છે તેનું નિરાકરણ થઇ શકે છે. દ્રષ્ટાંત તરીકે શ્રી હરિરાયજી, પુરુષોત્તમના** બે **સ્વરૂપો ગણે છે. ૧. લોકવેદ પ્રથિત અને ૨. લોકવેદાતીત.**

**લોકવેદાતીતના પણ બે ભેદ ગણે છે ૧. ધર્માત્મક અને ૨. ધર્મી. આ સર્વ ભેદોનો મૂળ તાદાત્મ્યવાદ (લીલા ભેદ) છે. આ સર્વ વ્યૂહો અને સ્વરૂપો સ્વયં અખંડ શ્રીકૃષ્ણનાં જ છે. આગળ આવતા 'પુરુષ' નાં વિવિધ અર્થો અને તેની તત - તત વ્યૂહો સાથેની સંગતિને શ્રીકૃષ્ણની અખંડતાને ધ્યાનમાં રાખીને સમજવું જોઈએ.**

**<u>'પુરુષ' નાં વિવિધ અર્થો:</u>**

ભાષ્ય – પ્રકાશકાર  શ્રીપુરુષોત્તમજી ( અ. ૧ પા. ૨ અ. ૮ સૂ. ૨૪) માં પુરુષનાં શ્રુતિમાં ચાર અર્થો જણાવે છે –

श्रुतौ पुरुषशब्दश्चतुर्धा प्रयुज्यते | पुरा आसेति, पुरमुषतीति, पुरि शेत इति त्रिधा योगेन | एकधा आकार विशेषे रूढ्या

पुरा आसेति - પુરુષવિધ બ્રાહ્મણમાં आत्मैव इदमग्र आसीत् पुरुषविध

पुरमुषतीति - જે પુરને પ્રકાશિત કરે તે.

पुरि शेत - મધુ બ્રાહ્મણમાં पुरः पुरुष आविरासीदिति स वा अयं पुरुषः सर्वासु पुरिशय इति.

**Page 580 of Anubhasya-1.pdf ….**

રશ્મિકાર યોગી ગોપેશ્વરજી કહે છે – ननु सहस्रशीर्षा पुरुष इत्यत्र सहस्रशीर्श्नि पुरुषपदस्य पुरा आस पुरमुषतीति योगद्वयं तृतीयस्तु न अत्यतिष्ठद्दशाङ्गुलमिति श्रुतेः पुरोतिक्रम बोधने | न पुरि शयनाभावात्| अत एव न वसतीति सुबोधिन्युक्तयोगः| संकर्षणः पुरुष इत्युक्तम् | 'सहस्रवदनः स्वराट्' |

આ ઋકમાં સંકર્ષણરૂપ પુરુષનું વર્ણન કરવામાં આવ્યું છે. ભાગવત પુરાણમાં "સહસ્રવદન  અને સ્વરાટ"  કહેવામાં આવ્યું છે.

પદ્મપુરાણ ઉત્તર ખંડ ૨૨૯.૬૮

भगवानिति शब्दोऽय तथा पुरुष इत्यपि| निरुपाधि च वर्तेते वासुदेव सनातने ||

सर्वलोकप्रतित्या च पुरुष प्रोच्यते हरि| त विना पुण्डरीकाक्ष नान्य पुरुषशब्दभाक् ||

ब्रह्माद्या देवता सवा यक्षतुम्बुस्किन्नरा|  ते सर्वे ...||

" ભગવાન " અને " પુરુષ " શબ્દો નિરુપાધીક પણે વાસુદેવ માટે જ યોજ્યા છે.

असौ रामो महाबाहुरतिमानुषचेष्टया| तेजोमहत्तया वाऽपि सस्मारयति पूरुषम् || (શ્રીમદ ઉત્તરરામાયણ)

गोवर्धनादिधरणात् नाथ! नन्द्सुतोऽपि सन्| पुरुषस्य अंशसंभूतं त्वां वयं निरणैष्म हि || (શ્રીહરિવંશ પુરાણ)

यथा भास्करशब्दोऽयमादित्ये प्रतितिष्ठति| यथा चाग्नौ बृहद्भानुर्यथा वायौ सदागतिः ||

यथा पुरुषशब्दोऽयं वासुदेवे अवतिष्ठते|  तथा शङ्करशब्दोऽयं महादेवे व्यवस्थित ||(સ્કંદપુરાણ)

देवतिर्यङ्ग्मनुष्येषु पुन्नामा भगवान् हरिः| श्रीनाम्नि लक्ष्मीमैत्रेय! नानयोर्विध्यते परम् || (વિષ્ણુ પુરાણ)

स एव वासुदेवोऽयं पुरुषः प्रोच्यते बुधैः | प्रकृतिस्पर्शराहित्यात् स्वातन्त्र्यात् वैष्णवादपि ||(શ્રી નારસિંહ પુરાણ)

**स एव वासुदेवोऽर्थ साक्षात् पुरुष उच्यते | स्त्रीप्रायमितरत् सर्वे जगद्ब्रह्मपुरस्सरम् ||(વૈષ્ણવ પુરાણ)**

**स भूमिं विश्वतो वृत्वा - ભૂમિ આદિ લોકજાત વિશ્વ ને (સર્વ ને) વ્યાપીને અથવા જગતનાં કારણરૂપ પ્રકૃતિ અને કાર્ય વર્ગો સાથે વ્યાપીને તે પુરુષ જેમાં તે વ્યાપ્ત છે તેનાથી પણ અધિક છે – (अत्यतिष्ठत् दशाङ्गुलम्). જેવી રીતે "अणोरणीयान् महतो महियानिति". તે પુરુષની અણુ - રૂપતા અને મહત - રૂપતા નું વર્ણન છે. પુરુષ જગતમાં અન્વિત પણ છે અને જગત વ્યતિરિક્ત પણ છે.**

**एतावदेव जिज्ञास्य तत्त्वजिज्ञासुनाऽऽत्मनः| अन्वयव्यतिरेकाभ्यां यत् स्यात् सर्वत्र सर्वदा || (चतुश्लोकी भागवतम्)**

**હવે "दशाङ्गुल" શબ્દ નાં અર્થો કહે છે –**

**૧. અહીં દસ - આંગળ માપનાં અર્થમાં નહી પરંતુ અપરિછિન્નતાનું સૂચક છે કેમકે અપરિછિન્ન પુરુષ માટે પરિછિન્ન હોવાનો દોષ પ્રસંગ પ્રાપ્ત થાય. दशाङ्गुल શબ્દનો અર્થ "અનંત યોજન" થાય છે. अङ्ग + उलच् प्रत्यय (उणादि गण) લગાવવાથી " અંગુલ " શબ્દ બને છે. તેથી સર્વલોકોનો અતિક્રમ કરીને રહે છે તેમ અર્થ થાય છે – (दशदशानत्यन्तयोरित्येतस्मिन्न्च्प्रत्यय - औणादिक उलच्प्रत्यय). [पद्म पुराण - भूमेश्च ब्रह्मकोशस्याप्यन्तराल कियत्? वद| योजनानामनन्तत्वात् दशांगुलमिदं विदु || ]**

**૨. અથવા अङ्गुल (लि?) શબ્દ 'ગુણ' પરક છે. દશ ગુણ વસ્તુ ભૂતોની અંતર જે રહે છે તે. દશ વસ્તુઓ છે ૧. દશોત્તર જલ ૨. જલથી દશોત્તર અગ્નિ ૩. અગ્નિથી દશોત્તર વાયુ ૪. વાયુથી દશોત્તર વ્યોમ ૫. વ્યોમથી દશોત્તર અહંકાર ૬. અહંકારથી દશોત્તર મહત ૭. મહતથી દશોત્તર અવ્યક્ત. આ સર્વ વસ્તુઓમાં આ પુરુષની સ્થિતિ છે.**

**૩. અથવા "दशाङ्गुल" શબ્દનો " હૃદયાકાશ " વાચક અર્થ લેવાથી - ભૂમિ આદિ લોકોને વ્યાપીને હૃદયાકાશમાં પણ આ પુરુષની સ્થિતિ છે. હૃદયાકાશ પણ " દશ – આંગળ " પરિમાણ વાળું હોય છે. दहराधिकरण માં આનું વર્ણન પ્રાપ્ત થાય છે.**

**હવે સંદેહ થાય કે આ અપરિછિન્ન પુરુષની સ્તુતિ પરિછિન્ન ત્વેન કેમ કરી ? ઉત્તરમા આ પુરુષનું માહાત્મ્ય એવું છે કે તે વિરુદ્ધ - ધર્માશ્રયત્વ શક્તિ દ્વારા અશરીર હોવા છતાં શરીર ધારણ કરે છે. અનિન્દ્રિય હોવા છતાં તત - તત ઇન્દ્રિયોનાં કાર્યો કરવામાં સામર્થ્યવાન છે. જ્યાં દર્શનની ઈચ્છા થાય ત્યાં ચક્ષુ પ્રકટ કરે છે, શ્રવણની ઈચ્છા થતાં શ્રવણ ઇન્દ્રિય પ્રકટ કરે છે. ('अपाणिपादो जवनो गृहीता पश्यत् अचक्षु स श्रुणोति अकर्णः - श्वेत. उप. ३-१८), अन्धो मणिमविध्यत् (तैत्तरिय आरण्यक १.११).**

## द्वितिया ऋक्

**पु॑रुष ए॒वेदं सर्वं॑ यद्भू॒तं यच्च॒ भव्य॑म्|**

**उ॒ताम॑त॒त्वस्येशा॑नो यदन्ने॑नाति॒रोह॑ति । २**

**संधिविच्छेदः:**

**पुरुषः | एव इदम् | सर्वम् | यत् | भूतम् | यत् | च | भव्यम्**

**उत | अमृतत्वस्य | ईशानः | यत् | अन्नेन | अतिरोहति**

દ્વિતિય ઋક - જે ભૂત રૂપ (यत् भूतम्) અને જે ભવિષ્યરૂપ છે (यत् भव्यम्) તે પુરુષ જ આ સર્વ છે (पुरुषः एव इदम्). ઉપલક્ષણ તથા અર્થ લેતાં જે આ સર્વ બુદ્ધિ - સન્નિહિત મુક્ત - વ્યતિરિક્ત ચેતનાત્મક અને જડાત્મક જગતનાં નામ, રૂપ અને કર્મો સર્વ આ પુરુષ જ છે.

તેની સંગતી "सर्वं पुरुष एवेदं भूतं भव्यं भवच्च यत् | तेनेदमावृतं विश्वं वितस्तिमधितिष्ठति|| (भा. पु. २-६-१५) - જે થયું હશે અને થાય છે તે બધું પુરુષ છે. આ બ્રહ્માંડ તેનાથી મપાયેલ છે. તેનાથી એક વેંત પોતે વધે છે. તે પ્રપંચ અને નિષ્પ્રપંચને ફળ આપનાર છે તે સિદ્ધ કરવા (अमृतत्वस्य ईशानः) બંનેના સ્વામી તે છે એ सोऽमृतस्याभयस्येशो मर्त्यमन्नं यदत्यगात्| महिमैष ततो ब्रह्मन् पुरुषस्य दुरत्ययः || भा. पु. २-६-१७ થી કહે છે. તે પુરુષ નિત્ય સુખ અને મોક્ષસુખનાં સ્વામી છે (अमृतत्वस्य ईशानः). બંને દેવાને સમર્થ છે. તેનું તેવું સામર્થ્ય કહે છે કે મરણાત્મક વિરાટ શરીરથી પર થઇ ને તે રહે છે, માટે તે અમૃત આપી શકે છે. यत् अन्नेन अतिरोहति - અન્ન એટલે ખવાય તે, એટલે પ્રાણીઓ, મૃત્યુ અને કર્મ ફળ એ અર્થ થાય છે. તે બધાને છોડી આગળ વધ્યા છે તેથી તે મોક્ષ આપવાને સમર્થ છે. તે અન્નનાં કારણે તિરોભાવને પામતા નથી. તે અપ્રાકૃત અને નિર્ગુણ (यस्मात् निर्गता गुणा -( જેમાંથી સર્વ ગુણો ઉત્પન્ન થયા છે તે નિર્ગુણ) છે, તેવું સૂચિત કરવા यत् अन्नेन अतिरोहति કહ્યું. અહિયાં બ્રહ્મની વિરુદ્ધ -ધર્માશ્રયતાનો બોધ થાય છે. સર્વ પ્રાકૃત રૂપો (પરિછિન્ન રૂપો) ધારણ કરનાર અને તેઓથી વ્યતિરિક્ત થઇને અપ્રાકૃત અને અપરિછિન્ન રહેવું, તે બ્રહ્મની વિરુદ્ધ - ધર્માશ્રયતા છે.

માયાવાદિઓએ પોતાના વ્યાખ્યાન દ્વારા આ મંત્રનાં અર્થને દૂષિત કર્યો છે. તેઓ પદ્મપુરાણ આદિનાં વાક્યો દ્વારા આ મંત્રનો અર્થ "અધીનતા માત્ર" નાં જ અર્થમાં પુરુષની સર્વરૂપતા સ્વીકારે છે, તેની સ્વરુપતઃ સર્વાત્મકતાનાં અર્થમાં નહી. તેઓનાં પ્રમાણે "त्वदधीनं यतः सर्वमतः सर्वो भवानिति| वदन्ति मुनयः सर्वे न तु सर्वस्वरूपतः||". મુક્ત વ્યતિરિક્ત સર્વનાં નિયમન કર્તાનું વર્ણન કરીને હવે મુક્તનાં નિયમન કર્તા હોવાનું "उत..." થી વર્ણન કરે છે. નારાયણ, જેમાંથી અન્ન (જે અદનીય અને પાચ્ય છે) ઉપલક્ષણ તથા સર્વવિનાશી અમુક્ત વર્ગોનો અતિક્રમણ (अतिरोहति) કરે છે. જેમ તેઓ સંસારીઓનાં અધિપતિ છે તેમ તેઓ મુકતોનાં પણ અધિપતિ છે. उत શબ્દ अपि (પણ) નાં અર્થમાં પ્રવૃત્ત થયો છે. अमृतत्वस्य થી અભય અને મુક્ત વર્ગોનાં પણ અધિપતિ છે તેવું સૂચિત થાય છે. જો સંસારમાં જગતને સ્વાધીન અને મુક્તને સ્વતંત્ર રાખે તો સ્વેચ્છાએ સ્વાધીન જગતનાં મોચન કરવા અસમર્થતા રૂપ તર્કદોષ પ્રાપ્ત થાય તેથી તેના સ્પષ્ટીકરણ માટે "अमृतत्वस्य ईशानः" કહે છે. ભાગવતમાં "सोऽमृतस्याभयस्येशो मर्त्यमन्नं यदत्यगात्" અને નારદીયમાં "अव्यक्तमात्मनोन्नं च महदादि विनाशि च| यदतितः परो विष्णुः स एवातो विमोक्षदः||" અથવા પ્રથમ ઋકમાં પુરુષની દેશતઃ વ્યાપ્તિનું વર્ણન કરીને હવે પુરુષની કાલતઃ વ્યાપ્તિ રૂપ ઐશ્વર્યનું દ્વિતીય ઋકમાં કરે છે. જે વર્તમાન – કાર્ય છે તે સર્વ પુરુષ જ છે. તે કાર્યનાં ઉપાદાન રૂપે પણ પુરુષ જ છે. જે અતીત વસ્તુ હતી તે પણ પુરુષ જ હતી. જે ભવિષ્યમાં પ્રકટ થનાર પણ પુરુષ જ હશે ('वासुदेव सर्वम्', 'सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत') य एष देवकीपुत्र पुरस्तादवतिष्ठते | स एव पुरुषो भूत भव्य चापि तथा भवत् || (भारत) भूतं भवद्-भविष्यद्

**इति सर्वम् ॐकार एव'. यश्च अन्यत् त्रिकालातीतं तदपि ॐकार एव. सर्वं हि एतद् ब्रह्म अयं आत्मा ब्रह्म. (नृसिंहोत्तरतापिन्युपनिषत् - १)**

**આમ પુરુષની કાલતઃ વ્યાપ્તિનું વર્ણન કરીને તે આ સૃષ્ટિ કાર્ય - જાત ચેતન વર્ગને માટે સર્વ દેશકાલ મોક્ષપ્રદ છે તેવું उत अमृतत्वस्य ईशानः થી કહે છે. उत શબ્દ ' અને' નાં અર્થ માં છે. अमृत શબ્દ "મોક્ષ" અને ईशानः અધિપતિનાં અર્થે છે. ચતુર્વિધ (સાયુજ્યાદિ) મોક્ષ પ્રદ છે. यत् अन्नेन अतिरोहति – શરીરવર્તી જીવજાતનાં મોક્ષ માટે માત્ર ભગવાન જ ઇષ્ટ છે. કાર્યજાત અન્ન ખવાયેલ અને ભોગેલ જે જીવ છે તે ષડ - ભાવ વિકાર (अस्ति, जायते, वर्धते, विपरिणमते अपक्षीयते, नश्यति) પ્રાપ્ત થાય છે (अन्नाद्भूतानि जायन्ते). તે જીવ બાલ્ય, કૌમાર, ઈત્યાદિ અવસ્થાઓને પ્રાપ્ત થાય છે.**

**अतीत्य रोहति इति (रोहति – વર્ધન અથવા ષડ - ભાવ વિકાર સમજવું). તેવા જીવ જાત ને મોક્ષ પ્રદાન કરનાર આ અમૃતનાં અધિપતિ પુરુષ છે. મોક્ષધર્મમાં 'अन्नाज्जातस्य सर्वस्य मनुष्यादेरकारणात् | निर्वाणदायी भवति कृपया पुरुषोत्तम' - અન્નમાંથી જન્મેલા સર્વ મનુષ્ય આદિને કૃપા દ્વારા પુરુષોત્તમ મોક્ષ (નિર્વાણ) દાયી થાય છે.**

## तृतीया ऋक्

**ए॒तावा॑नस्य महि॒मा । अतो॒ ज्याया॑श्च॒ पूरु॑षः ।**

**पादोऽस्य॒ विश्वा॑ भू॒तानि॑ । त्रि॒पाद॑स्या॒मृतं॑ दि॒वि । ३**

**संधिविच्छेदः:**

**एतावान् | अस्य | महिमा | अतः | ज्यायान् | च | पुरुषः |**

**पादः | अस्य | विश्वा | भूतानि | त्रिपात् | अस्य | अमृतम् | दिवि**

**હવે આ પુરુષનો સર્વેશ્વર મહિમાનું વર્ણન કરે છે. स भूमिं॑ वि॒श्वतो॑ वृ॒त्वा अत्य॑तिष्ठद्दशाङ्गु॒लम् ઇત્યાદિમાં વર્ણિત મહિમા વિભૂતિ માત્ર છે કારણ કે વ્યક્ત કાર્ય સૃષ્ટિ તો તેનું માત્ર અંશરૂપથી જ માહાત્મ્યનું વર્ણન કરે છે. તેથી ઇષદ મહિમા કરતાં પ્રશસ્ત મહિમા શ્રેષ્ઠ હોવાના કારણે "अतो॒ ज्याया॑श्च॒ पूरु॑षः" કહે છે. જે પુરુષ સકળ લોકોને વ્યાપીને રહે છે, જે સમગ્ર વસ્તુ જાત નું સર્જન કરે છે અને સમસ્ત સંસારી અને મોક્ષાર્થી સૃષ્ટિને ઇષ્ટફળ આપનાર છે તે પુરુષનો મહિમા છે.**

**આ પુરુષની વિરૂદ્ધ - ધર્માશ્રયતા નો સૂચક છે. શતપથ બ્રાહ્મણનાં અધ્યાત્મ ખંડમાં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે –**

**यदाऽय नारायणाख्य पुरुषो महान् भवति,तादनीमेव अणुर्भवति - તે મહાન છે અને અણુ પણ.**

**यदाऽय व्याप्तो भवति, तदैव प्रादेशिको भवति - તે સર્વવ્યાપ્ત છે અને પ્રાદેશ - માત્ર પણ**

**यदैव भूमौ भवति, तदैव परमव्योम्नि भवति - તે ભૂમા છે અને પરમ વ્યોમ હૃદયગુહામાં પ્રવિષ્ટ પણ**

**यदा एक एव भवति, तदा अनेक - તે એક હોવા છતાં અનેક પણ છે.**

**यदाऽय प्राकृतो भवति, तदैव अप्राकृतो भवति - તે પ્રાકૃત છે અને અપ્રાકૃત પણ.**

**यदा विषय वशो भवति, तदैव उपरतो भवति - તે વિષયને વશ થાય છે અને વિષયથી અલિપ્ત પણ.**

**यदा नरको भवति, तदानीमेव स्वर्गो भवति – તે નરક રૂપ થાય છે અને સ્વર્ગ રૂપ પણ.**

**यदा स्त्री भवति, तदैव पुरुषो भवति – તે સ્ત્રીભાવ (ભોગ્ય ભાવ) અને** પુંભાવ **(ભોક્તા ભાવ) રૂપ પણ.**

**यदा मनुष्यो भवति, तदा देवो भवति – તે મનુષ્ય અને દેવ થાય છે.**

**यदा सर्वे भवती, तदा शून्यो भवति – તે સર્વરૂપ અને શૂન્યરૂપ થાય છે.**

**यदा बद्धो भवति, तदैवं मुक्तो भवति – તે બદ્ધ અને મુક્ત થાય છે.**

**यदा शुक्लो भवति, तदा कृष्णो भवति – તે શુક્લ અને કૃષ્ણરૂપ થાય છે.**

**यदा शरीरी भवति, तदा अशरीरी भवति – તે શરીરી અને અશરીરી રૂપ થાય છે.**

**तानि सर्वाणि तदानिमेवास्मिन् लीनानि भवन्ति, तस्मदयमीश इति दुर्ज्ञान, दुर्वच, दुर्ध्यान | तस्मात् ज्येष्ठ | वाङ्मनसोरगोचर" इति**

**આ પુરુષની મહિમા સર્વથી જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ છે. તેની જ્યેષ્ઠતા તેનાં સર્વ - દુર્જ્ઞાનત્વનાં કારણે છે. તે બ્રહ્માદિ સર્વથી જ્યેષ્ઠ છે. "यस्मात् क्षरमतितोऽहम् अक्षरादपि चोत्तम" (ભગવદ્ ગીતા), "ब्रह्मादिस्तंबपर्यन्तं जगत् स्थावरजङ्गमम् सर्वमेवास्य महिमा स च ज्यायानतो हरि" (श्री नारसिंह पुराण). રશ્મિકાર ગોપેશ્વરજી "अतो ज्यायांश्च पूरुषः" માં વાસુદેવ પુરુષનું વર્ણન માને છે. પુરુષનાં મોક્ષ - દાતા હોવાના જ્યેષ્ઠ ગુણોનાં કારણે અહિયાં વાસુદેવ પુરુષનું પ્રતિપાદન થાય છે. (ज्यायान् गुणैः वासुदेवः पुरुष इत्युक्तम् | मोक्षदातृत्वेन गुणैर्ज्यायस्वात्).**

**અથવા આ પરિદ્રશ્યમાન ચરાચરાત્મક પ્રપંચની મહિમા પરિછિન્ન છે. આ પ્રપંચથી જ્યેષ્ઠ છે તે અપરિછિન્ન પુરુષ. તે પુરુષની જ્યેષ્ઠતાનું વર્ણન કરતાં કહે છે "पादोऽस्य विश्वा भूतानि..." આ સર્વ ચરાચરાત્મક પ્રપંચ આ પુરુષનું એક કલા - અંશ માત્ર જ છે. તેની એક શક્તિ અંશ માત્ર જ છે ('विष्टभ्याहमिदं कृस्त्नमेकाशेन स्थितो जगत्', 'यस्यायुतायुताशे विश्वशक्तिरिय स्थिता' - श्रीविष्णुपुराण). "त्रिपादस्यामृतं दिवि" - અર્થ કહે છે – ઘણાં પાદો છે જેના (પાદ – અંશ). "त्रि" શબ્દ "બહુ" આ અર્થમાં યોજાયો છે. તેનાં નિરતિશય આનંદ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય આદિ અનેક સુગુણોરૂપ અમૃતરૂપતાનું વર્ણન છે. "अमृतम्" નો અર્થ અમરણ ધર્મરૂપતા છે. "दिवि" શબ્દ પરમ સ્થાન સૂચક છે (સ્વર્ગ આદિ લોકો). અથવા પરમ સ્થાનનો અર્થ "વૈકુંઠ" (अनन्तायग्मविस्तारो वैकुण्ठ सप्रकीर्तित तस्मादस्य त्रिपादान्शो वैकुण्ठो भासतेतराम् - वैकुण्ठ संहिता)**

**અથવા "पाद" શબ્દનો અર્થ "ચતુર્થાંશ" છે. બ્રહ્મ અપ્રાકૃત અંડમાં નિત્ય ત્રણ પાદો દ્વારા બિરાજે છે અને બાકી રહેલા પાદ દ્વારા પ્રાકૃત અંડમાં બિરાજે છે. તે પોતાનો ચતુર્થાંશ જ સૃષ્ટિ રૂપે વ્યક્ત કરે છે અને બાકીના અંશ દ્વારા તિરોહિત રહે છે (एवं चतुर्धा संन्यूह्य स्वात्मानं पुरुषोत्तम | अण्डे**

**ह्यप्राकृते नित्यं त्रिपादेन विराजते|| इतरेण च पादेन प्राकृतेSण्डे विराजते| जगत्सृष्ट्यादिकार्याणि कर्तुकाम स्वलीलया || पुरुष संहिता, वैकुण्ठ संहिता)**

**અથવા 'પાદ' શબ્દ નો અર્થ 'અંશ' લેતાં નારાયણ ની ભક્તિ અર્થે માહાત્મ્ય નું વર્ણન "पादोऽस्य विश्वा भूतानि..." થી કરે છે. આ પુરુષરૂપ નારાયણનો એક પાદ આ વિશ્વ છે અને ત્રણ પાદોદ્યુલોક અંતર્ગત શ્વેતદ્વીપ અનંત વૈકુંઠોમાં આ નારાયણનાં ત્રણ પાદો (સ્વરૂપ અંશો) છે.**

**सर्वं हि एतद् ब्रह्म, अयम् आत्मा ब्रह्म, सो अयम् आत्मा चतुष्पात् || माण्डू. उप. २||**

**સર્વ (કાર્ય રૂપ અને અકાર્ય રૂપ) બ્રહ્મ છે. બ્રહ્મનાં સ્વરૂપનું વર્ણન કરીને સાંખ્ય દર્શન હોવાનાં સંશયનાં વારણ માટે "अयम् आत्मा ब्रह्म" એમ કહે છે જેથી તેનું માત્ર પ્રકૃતિ જ હોવું તેવા સંદેહ નું નિવારણ કરે છે. હવે "आत्मा" શબ્દ સાંખ્યનાં પુરુષ માટે અને જીવ માટે પ્રસિદ્ધ છે, તેના નિવારણ માટે "सो अयम् आत्मा चतुष्पात्...स आत्मा स विज्ञेयः". "पाद" શબ્દ બ્રહ્મનાં કરણ - સાધન માટે યોજવામાં આવ્યો છે. અહિયાં "पाद" શબ્દ અંશ વચન તરીકે યોજેલો છે નહી કે ગૌ આદિ પ્રાણીઓનાં ચાર ચરણો તરીકે. તેથી સમજાય છે કે બ્રહ્મનાં કરણો સર્વત્ર વ્યાપ્ત છે (અપ્રાકૃત) છે ('अपाणिपादो जवनो गृहीता पश्यत् अचक्षु स श्रुणोति अकर्णः - श्वेत. उप. ३-१८).**

**બ્રહ્મ સ્વયં ભોગ્ય, ભોક્તા અને સાક્ષીભાવાત્મક બન્યો છે.**

**ચાર પાદ આ પ્રમાણે છે –**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | जागरितस्थानो बहिःप्रज्ञः सप्ताङ्ग एकोनविंशतिमुखः स्थूलभुग्वैश्वानरः प्रथमः पादः | જાગૃત/સાત્વિક સ્થાન છે જેનું તે પરમાત્મા | સર્વાંતરરૂપ દ્વારા જે અનુભવ /ભોક્તા છે તે - વૈશ્વાનરરૂપતા તેનો પ્રથમ પાદ | સ્થૂળ બ્રહ્માંડ /શબ્દ રૂપતા અને ભોક્તા પણું |
| ૨ | स्वप्नस्थानोनन्त:प्रज्ञः सप्ताङ्ग एकोनविंशति मुखः प्रविविक्तभुक् तैजसो द्वितीय पाद | સ્વપ્ન અવસ્થા – રાજસ વૃત્તિ છે સ્થાન જેનું | હિરણ્યગર્ભ અને તૈજસ રૂપતા – આંતર ભોક્તા રૂપ દ્વિતીય પાદ | ઇન્દ્રિયોના અનુગ્રાહક રૂપ આંતર ભોક્તા પણું |
| 3 | यत्र सुप्तो न् कंचन कामं कामयते. न कंचन स्वप्नं पश्यति तत् सुषुप्तम्. सुषुप्तस्थान एकीभूतः प्रज्ञानघनएव आनन्दमयो हि आनन्दभुक् चेतोमुखः प्राज्ञः तृतीयः पादः | સુષુપ્ત અવસ્થા –જીવ ની કામનાઓ નો અભાવ હોય તેવી સ્થિતિ. તામસ વૃત્તિ છે સ્થાન જેનું. | ગણીતાનંદરૂપતા રૂપ તૃતીય પાદ અંશ. | આનંદ ભોક્તા પણું |
| ૪ | एष सर्वेश्वर एष सर्वज्ञ एषोन्तर्यांम्येष योनिः सर्वस्य प्रभवाप्ययौ हि भूतानाम् | બ્રહ્મભાવ અવસ્થા | ભોક્તા હોવા સાથે સર્વજ્ઞ અને સર્વેશ્વરથી પણ હોવું | અંતર્યામીરૂપ થી નિયામક પણું |

ઉપરનાં વર્ણન દ્વારા તેની પરમાત્મરૂપતા સમજાય છે. જેનું વર્ણન બ્રહ્મસૂત્ર ૧-૨-૨૪-૩૨ વૈશ્વાનરાધીકરણમાં 'વૈશ્વાનર' શબ્દથી કરવામાં આવ્યું છે. શ્રીવલ્લભાર્યજી અણુભાષ્યમાં આ શબ્દની વ્યુત્પતિ આપતા – विश्वस्य जडस्य नरस्य जीवस्य च भगवदन्शत्वेन देवतात्वाद्देवताद्वन्द्वे चेति विश्वानरो | तौ निवासो यस्येति 'तस्य निवास' | तेन परमेश्वर एव वैश्वानरो भवति|

વિશ્વ તે જડ અને નર તે જીવ ભગવાનના અંશ હોવાથી દેવતા છે એટલે 'દેવતા દ્વંદ્વમાં' (પા. સૂ. ૬.૩.૨૬) અનુસાર विश्वानरौ શબ્દ બને છે. તે બે જેના નિવાસ છે એમ, 'તેનો નિવાસ' (પા. સૂ. ૪-૨-૬૯) મુજબ 'अण' લાગે છે. તેથી પરમેશ્વર જ વૈશ્વાનર છે.

भूतेषु पञ्चधा, उदरे अङ्गुष्ठमात्रः | हृदये प्रादेशः, मूर्धनि च | मनसीन्द्रियेषु चाणुः| चित्ते व्यापकः

**અંગુષ્ઠમાત્ર – સર્વરક્ષાર્થે / આશ્રયાર્થ – નાભીથી ઉપર ઉદર ભાગમાં શરીરનાં સ્થિતિ અર્થે.**

**अङ्गुष्ठमात्रः पुरुषः सदा जनानां हृदये संनिविष्टः (कठ. उप.) દ્વારા ઉદર શબ્દ હૃદય અને અંગુષ્ઠનો ઉપલક્ષક છે. अङ्गुष्ठमात्रः पुरुषो अङ्गुष्ठं च समाश्रितः ईशः सर्वस्य जगतः प्रभुः प्रीणाति विश्वभुक्' (तै. उप.)**

**પ્રાદેશમાત્ર – ધ્યાનાર્થે – હૃદયમાં સ્થિત – केचित् स्वदेहे हृदयावकाशे प्रादेशमात्रं पुरुषं वसन्तम् | चतुर्भुजं कज्जरथाङ्गशङ्खगदाधरं धारणया स्मरन्ति ||**

**અક્ષિસ્થિત – સ્વામિત્વ / નિયમાર્થ નાં અર્થે – य एष अक्षिणि वामानि भामनि… – चक्षुषश्चक्षु… – મન આદિમાં અણુરૂપતા. कर्मफल नियामर्थ**

**સર્વદેહસ્થિત – ફલાર્થે - સર્વવ્યાપક રૂપ – ચિત્તની વ્યાપકતા કહીને ત્યાં ધારણ પણ વ્યાપક રૂપને જ કરવાની આજ્ઞા – तत् सर्वव्यापकं चित्तमाकृष्य व्योम्नि धारयेत्. વ્યાપકાર્થે. अहं मनुरभवत् .. अहंकार व्यापक ???**

**શિરસ્થિત – આનંદમય વૈશ્વાનર સર્વાર્થે - स सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेष्वात्मासु**

**ઈત્યાદી આ વૈશ્વાનર (પરમાત્મા) ના જ રૂપો છે.**

**चतुर्थी ऋक्**

**त्रिपादूर्ध्व उदैत्पुरुषः । पादोऽस्येहाऽऽभवात्पुनः ।**

**ततो विश्वङ्व्यक्रामत् । साशनानशने अभि । ४**

**त्रिपात् | ऊर्ध्वः | उत् | ऐत् | पुरुषः | पादः | अस्य | इह | अभवात् | पुनः**

**ततः | विश्वङ् | वि | अक्रामत् | साशनानशने | अभि**

**પરંતુ ભૂભુવસ્વઃ નામવાળી ત્રિલોકીની અપેક્ષાએ અનંત આસન વૈકુંઠ શ્વેતદ્વીપોની શું વિશેષતા? કેમ તેની વિશેષ ભગવત - રૂપતા છે ? ભગવાન તો સર્વરૂપ અને સર્વગત હોવાથી સર્વ ભગવત - સ્થાન રૂપ છે. આમ સંશય પ્રાપ્ત થતાં "त्रिपादूर्ध्व उदैत्पुरुषः..." થી ઉત્તર કહે છે – 'ऊर्ध्व' એકવચન હોવા છતાં બહુવચન માટે વપરાયેલો છે. તેનો અર્થ છે – જે ત્રિલોકી કરતાં પણ ઉત્કૃષ્ટ અને વિલક્ષણ છે, તેવાં અનંત આસન વૈકુંઠ શ્વેતદ્વીપો છે. તેઓની વિલક્ષણતા શુદ્ધ - સત્વાત્મક ભગવત સ્વરૂપોનાં ધામરૂપતા દ્વારા સિદ્ધ થાય છે. આવા અનંત આસન વૈકુંઠ શ્વેતદ્વીપોમાં ત્રણ પાદો કે જેઓ અનંત આસન વૈકુંઠ પદ્મનાભ નામવાળા સ્વરૂપ અંશો છે જેના તે ત્રિપાદ પુરુષની નિત્ય અભિવ્યક્તિ છે. આ પુરુષ ચતુષ્પાદ છે – એક પાદ સમગ્ર વિશ્વ રૂપ બન્યું છે અને બાકીના ત્રણ પાદ અંશો દ્વારા સર્વ (દેવ, મનુષ્ય, અનંત આસન વૈકુંઠ આદિ લોકોમાં વિદ્યમાન મુક્તોનો) નિયમ કરે છે. આ ત્રણ સ્વરૂપ અંશો ત્રિવિધ પ્રકારનાં લોકોનાં નિયમન અર્થે છે.**

**એક પાદ અનંત આસન વૈકુંઠ સ્થિત મુકતોનાં નિયમાર્થ**

દ્વિતીય પાદ - આદિત્યમંડળ, શક્રલોક , મેરુ મધ્ય, ધ્રુવ લોકોમાં જે વિદ્યમાન છે તેના નિયમાર્થ છે. બ્રહ્માંડ પુરાણમાં – "स एवान्यस्वरूपेण शक्रलोकसमीपगः| इज्यो यज्ञपुमान्नाम ज्ञानिनां गृहिणां पदम् || यतीनां ध्रुवलोकस्थितो वनिनां मेरुमध्यगः| आदित्यमण्डलस्थस्तु ज्ञानिनां ब्रह्मचारिणाम् ||"

જ્ઞાનિ, બ્રહ્મચારિ, ગૃહસ્થ, વાનપ્રસ્થ, યતિ આદિને પ્રાપ્ત લોકો નું નિયમન પણ આ ત્રિપાદ પુરુષ કરે છે.

તૃતીય પાદ – આ પુરુષ, મનુષ્ય અને દેવ આદિ સર્વ પ્રાણીઓ નું પણ નિયમન કરે છે. साशनानशने – મનુષ્ય - દેવ અર્થે છે. "साशन" શબ્દ મનુષ્ય વાચી છે કેમકે મનુષ્યો અન્ન દ્વારા ઉપજીવિત છે. "अनशन" શબ્દ દેવવાચી છે કેમકે દેવો અન્ન દ્વારા ઉપજીવિત નથી. "विष्वक्" નો અર્થ સર્વતઃ અને "अभि" નો અર્થ સર્વતઃ વ્યાપીને "व्यक्रामत्" વિશેષ પ્રકારથી નિયમન અથવા અતિક્રાન્તી કરે છે.

"त्रिपात्स एव भगवान् सर्वप्राणिषु संस्थितः| निरन्नेषु च विद्वत्सु त्रिदशेश्वितरेषु च||" ઉપરનાં શ્લોકમાં "सर्वप्राणि" નો અર્થ કેવળ ચેતન સૃષ્ટિ માત્ર નહી, પરંતુ સર્વ જડ અને ચેતન સૃષ્ટિનાં નિયામકપણાનું નિરૂપણ છે.

અથવા આ ઋક નો બીજો અર્થ –

उदैत् નો અર્થ ઉદ્ગતવાન અથવા આ ત્રિપાદ પુરુષ "ऊर्ध्वे" પ્રકૃતિમંડળથી ઉપર છે. અથવા નારાયણનાં ચતુર્થ અંશ "અનિરુદ્ધ" નું વિશેષ રીતે સ્તુતિ કરે છે. "पादोऽस्येहाभवात् पुनः" - આ પુરુષનો એક પાદ સંસારચક્રમાં ભોગ્ય ભોગ આયતન આદિ રૂપો દ્વારા પુનઃ પુનઃ થાય છે.

અથવા ભગવદ્વ્યૂહ અભિપ્રાય અર્થે "पादोस्य विश्वा भूतानि" દ્વારા વાસુદેવ – સંકર્ષણ – પ્રદ્યુમ્ન - અનિરુદ્ધ ચતુર્વિધ ભગવદ્ વ્યૂહો છે અને તેમાંથી અહિયાં "અનિરુદ્ધ" વ્યુહાંશ દ્વારા સૃષ્ટિ કરે છે. બાકીના ત્રણ વ્યૂહો (વાસુદેવ – સંકર્ષણ -પ્રદ્યુમ્ન) અમૃત અવિનાશિ પરમસુખરૂપ "दिवि" નાક - પૃષ્ટમાં વસે છે. અહિયાં કાર્ય - કારણ અભેદવાદ અનુરૂપે સમજવું અને ભગવદ્ વ્યૂહોમાં આત્યંતિક / તાત્વિક ભેદ માનવો નહી પરંતુ માત્ર લીલાભેદ માનવો. વાસુદેવાદિરૂપો દ્વારા આ ત્રિપાદ પુરુષ, પ્રાકૃત વાણી, મન આદિ દ્વારા અગોચર રહે છે, તે "उदैत्" દ્વારા કહે છે કે આ ત્રિવિધ વ્યૂહો પ્રાકૃત નથી. આ સંસારમંડળમાં આ પુરુષનો એક પાદ "અનિરુદ્ધ" નામ વાળો થાય છે જે પુનઃ પુનઃ સૃષ્ટિ નો ચક્ર ચલાવે છે. આ સૃષ્ટિ પ્રક્રિયાનો ઉલ્લેખ પુરાણમાં તત્વાધ્યાયમાં નીચે પ્રમાણે વર્ણિત છે –

"सर्वम्याथ जगन्नाथ सर्वात्मा भूतभावन| महतः प्रलयस्यान्ते जगत् स्रष्टुं समुद्यत || परमव्योमनिलयो वासुदेव सनातन| शरीरात् स्वाज्जगत् त्रातुं संकर्षणमभावयत् || स चाण्डजातमसृजत् महाभूतानि पञ्च च| दशोतराणि सर्वाणि परस्तात् प्रकृतेर्व्यधात् ||तत्रत्याञ्च भूतानामन्योयानुभवाय च| प्रद्युम्न भावायामास सदा कामरसप्रदम् || एवामप्राकृतान्येष बाह्यान्यण्डानि केशव | सृष्टा प्राकृतं चाण्डं स्त्रष्टुं दध्रे स्वमानसम् || स चानिरुद्धो भगवानादौ जलमभावयत् | जले तस्मिन् प्रचिक्षेप निजविर्ये जगन्मयम् || तद् द्वितियाण्डमभवत् अण्डात् ब्रह्मा व्यजायत| स भूतानां च सर्वेषामग्रे जातः पितामह ||

પ્રપંચ સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન કરતાં ઉપક્રમ કરે છે – "ततो विश्वङ् व्यक्रामत्"

સ્થાવર, જંગમ અને विश्वक् થી સર્વ ચરાચારાત્મક જગત પ્રતિ માનસ - સંકલ્પરૂપ સૃષ્ટિ વ્યાપાર આ પુરુષે કર્યો.

અથવા અનન્તાસન વૈકુંઠ શ્વેતદ્વીપ સ્થિત સ્વરૂપાંશોમાંથી મનુષ્યો અને દેવો ઉત્પન્ન થયા. साशन શબ્દ મનુષ્ય વાચી છે કારણ કે મનુષ્યો અન્ન દ્વારા ઉપજીવિત છે. अनशन શબ્દ દેવો માટે છે કારણ કે તેઓ અન્નથી ઉપજીવિત નથી. આ પુરુષ સર્વતઃ અભિવ્યાપીને व्यक्रामत વિશેષ પ્રકાર દ્વારા અતિ કાન્તીવાન થાય છે અને નિયમન કરે છે. આ, ન કેવળ અનન્તાસન વૈકુંઠ શ્વેતદ્વીપ સ્થિત ભગવત સ્વરૂપાંશો / મુકતોનું નિયમન કરે છે પરંતુ સર્વ સંસારી મનુષ્યોમાં અને સર્વ સંસારી દેવોમાં પણ સ્થિતિ કરીને નિયમન કરે છે.

“त्रिपात्स एव भगवान् सर्वप्राणिषु संस्थितः| निरन्नेषु च विद्वत्सु त्रिदशेष्वितरेषु च ||”(अध्यात्म.पु)

“विश्वं व्यतिक्रमद्विष्णुः देवमानुषभेदितम्” (पञ्चरात्र. कार्तिकमाहात्म्य)

આ પ્રમાણે ત્રિપાદરૂપ વિષ્ણુનું દેવ અને મનુષ્યનું નિયામકપણું સિદ્ધ થયું.

पञ्चमी ऋक्

तस्माद्विराडजायत । विराजो अधि पूरुषः ।

स जातो अत्यरिच्यत । पश्चाद्भूमिमथो पुरः । ५



ભગવાન અનેક પ્રકારોથી સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. આ સર્વ પ્રકારો ભગવાનમાં અચિંત્ય શક્તિઓ હોવાનાં કારણે છે. શાસ્ત્રોમાં આ અનેક પ્રકારો નું વર્ણન બ્રહ્મનાં માહાત્મ્યને સૂચવવા માટે છે જેથી ભગવાનમાં ભક્તિ ઉત્પન્ન થાય (माहात्म्यज्ञान पुर्वस्तु सुदृढ सर्वतोधिक स्नेहो भक्तिरिति प्रोक्तः) एवं कदाचिद् भगवान् साक्षात् सर्वं करोति अजः, कदाचित् पुरुष द्वारा कदाचित् पुनः अन्यथा कदाचित् सर्वम् आत्मैव भवति इह जनार्दनः. महेन्द्रजालवत् सर्वं कदाचित् मायया असृजत् तदा ज्ञानादयः सर्वे वार्तामात्र न वस्तुतः, वियदादि जगत् सृष्ट्वा तदाविश्य द्विरूपो जीवान्तर्यामिरूपेण क्रीडति स्म हरिः क्वचिद्. अचिन्त्यानन्तशक्तेः तद् यदेतद् उपपद्यते अतएव श्रुतौ भेदाः सृष्टेः उक्ताः हि अनेकधा (त. दी. नि. १|३६-४०).

અનેક પ્રકારોથી સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન કરવાંથી જો પૂર્વપક્ષ થાય કે શ્રુતિમાં પરસ્પર વિરોધ છે તેથી સ્મૃતિ (સાંખ્ય) નું જ ગ્રહણ કરવું એ મત દૂર કરવા શ્રુતિઓમાં પરસ્પર વિરોધ નથી એમ બતાવવા यथाव्यपदिष्टाधिकरण (ब्रह्म. सूत्र. १|४|१४) માં આ મતનું નિરસન કરી અનેક પ્રકારોનું વર્ણન સત્ય છે (અર્થવાદ માત્ર નથી) અને તે ભગવાનનાં માહાત્મ્યજ્ઞાન માટે છે.

| સૃષ્ટિ પ્રકાર | મુખ્ય શાસ્ત્ર | સૃષ્ટિ ઉત્પત્તિનું વિવરણ | શાસ્ત્ર પ્રમાણ | ભગવદ્ ગુણ |
|---|---|---|---|---|
| સાક્ષાત સૃષ્ટિ | ઉપનિષદો | તેમાંથી પ્રાણ, મન, સર્વ ઇન્દ્રિયો, આકાશ, વાયુ, તેજ, જલ, પૃથ્વી પ્રકટ થાય છે. આ સાક્ષાત સૃષ્ટિમાં આનંદ અંશ તિરોહિત ન થાય તેવી સૃષ્ટિનો સમાવેશ થાય છે. આ પ્રકારમાં ભગવાન સૃષ્ટિમાં પ્રવિષ્ટ થતાં નથી. | एतस्माज्जायते प्राणो मनः सर्वे इन्द्रियाणि च<br>મૂંડક. ઉપ. | ઐશ્વર્ય |
| ક્રમ સૃષ્ટિ | ઉપનિષદો | પરંપરા દ્વારા કારણ તત્વો બ્રહ્મમાંથી પ્રગટ થાય છે. તેનો એક પ્રકાર આ છે. આ પ્રકાર માં – બ્રહ્મ માંથી આકાશ -> વાયુ -> અગ્નિ-> જલ -> પૃથ્વી -> અન્ન પ્રકટ થાય છે. આ સૃષ્ટિમાં જડમાં આનંદાંશનો તિરોભાવ નથી અને ભગવાન સૃષ્ટિમાં પ્રવિષ્ટ થાય છે. | एतस्मात् आत्मनः आकाशः संभूत आकाशाद्वायुः वायुर्वह्निः ...<br>तैत. उप. | વીર્ય |

| | | | | |
|---|---|---|---|---|
| પુરુષ દ્વારા | પુરાણ | પરંપરા દ્વારા કારણ તત્વો બ્રહ્મમાંથી પ્રગટ થાય છે. તેનો એક પ્રકાર આ છે. આ પ્રકાર માં ભગવાન ગુણમય માયામાં પોતાની કાલ શક્તિથી પુરુષ દ્વારા વીર્ય ધારણ કરે છે, અને એ માયા થકી મહત્તત્વ ઉત્પન્ન થાય છે. આ રીતે પુરુષ દ્વારા સૃષ્ટિ કહી છે. | (भा. पु. २-५-१८-३१) भा. पु. ३ | યશ |
| ચતુર્મૂર્તી દ્વારા | તંત્ર | પાંચરાત્ર તંત્રમાં ભગવાન વાસુદેવ સર્વનું કારણ છે, અને એ થકી સંકર્ષણ નામનો જીવ થાય છે, અને એના થકી પ્રદ્યુમ્ન મન થાય છે અને અનિરુદ્ધ અહંકાર થાય છે. | | શ્રી |
| સ્વપ્ન સૃષ્ટિ/અંતરા | | સ્વપ્નાદિ સૃષ્ટિ નાં જેવી કેવળ માયાથી ભગવત્પ્રવેશ વગર જે સૃષ્ટિ થાય છે તે મહેન્દ્ર-જાલ વત છે. જ્ઞાનાદિ કહેવા માત્ર છે, પણ ફળ સાધક નથી. | ऋतेर्थं यत्प्रतियेत (भा. पु. स्कन्ध २) न तं विदाथ य इमा | વૈરાગ્ય |
| વૈદિકી સૃષ્ટિ | | આકાશ ઉત્પન્ન કરી એમાં આકાશ દ્વારા વાયુ ઇત્યાદિ સર્વ જગત ઉત્પન્ન કરી, એમાં પ્રવિષ્ટ થઇ, ભગવાન જીવ અને અંતર્યામી રૂપ થાય છે. | एतस्मात् आत्मनः आकाशः संभूत आकाशाद्वायुः वायुर्वह्निः ... तैत. उप. | જ્ઞાન |

આ પુરુષમાંથી 'વિરાટ' નો પ્રાદુર્ભાવ થયો. 'વિરાટ' એ બ્રહ્માંડ નું આધિદૈવિક સ્વરૂપ છે. રશ્મિકાર ગોપેશ્વરજી "तस्मांद्विराडंजायत" માં પ્રદ્યુમ્ન પુરુષનું વર્ણન માને છે. બ્રહ્માંડ રૂપ ગર્ભસંબંધનાં કારણે પ્રદ્યુમ્નરૂપતાનું પ્રતિપાદન થાય છે. (तस्माद्विराडजायतेति प्रद्युम्न: पुरुष इत्युक्तम्| गर्भसंबन्धात्तस्य).

'વિરાટ'નો પર્યાયવાચી શબ્દ 'विराज्' યાસ્કાચાર્ય વિરચિત નિઘંટુ – નિરુક્ત ભાષ્યમાં મળે છે. 'विराजनात् संपूर्णाक्षरा" (निरु. ७|३|१३|९) ની વ્યાખ્યા કરતાં શ્રીદુર્ગાચાર્ય કહે છે - "साकल्याद्

**विराजतइवेति विराजनाद् 'विराट्'"** – વિરાટનો અર્થ સાકલ્ય (wholeness) થાય છે. સાયણાચાર્ય 'વિરાટ' ની વ્યાખ્યા **'विविधं राजन्ते वस्तून्यत्रेति विराट्'** પ્રમાણે આપે છે. **"विराजो अधि"** દ્વારા - આ વિરાટ (બ્રહ્માંડ દેહ) ને અધિકરણ બનાવીને આદિ - પુરુષે તેમાં પ્રવેશ કરીને **'पुरुषः'** - સમષ્ટિ - અંતર્યામી રૂપ (બ્રહ્માંડ - અભિમાની દેવતા) બન્યો. તે પોતાની સર્વ - ભવન સામર્થ્યરૂપા માયા દ્વારા વિરાટ દેહ ઉત્પન્ન કરીને ત્યાં અંતર્યામી રૂપેણ પ્રવેશ કર્યો (**स वा एष भूतानीन्द्रियाणि विराजं देवताः कोशांश्च सृष्ट्वा प्रविष्यामूढः मूढ इव व्यवहरन्नास्ते माययैव" - आथर्वण. उत्तरतापनीय**). (**य आत्मनि तिष्ठन् ...**) (**तत् सृष्ट्वा तदेव ...**)

**स जातो** - આ વિરાટ પુરુષથી વ્યતિરિક્ત તેણે અનેક રૂપો (દેવ, અસુર, મનુષ્ય) ધારણ કર્યા અને ત્યાર પછી **पश्चाद् भूमिम् अथो पुरः** - તે સર્વ જીવોની ઉત્પત્તિ પછી ભૂમિનું સર્જન કર્યું. ભૂમિ સર્જન કરીને તે જીવોનાં રહેવાનાં સ્થાન રૂપ **पुरः** શરીરોનું સર્જન કર્યું (**पूर्यन्ते सप्तभिर्धातुर्भिरिति पुरः शरीराणि**).

બ્રહ્માંડનાં પ્રગટ થતાં પહેલા તે આ બ્રહ્મમાં તિરોહિત હતું (**सदेव सौम्य इदं अग्रे आसीत् - सत्कार्यवाद (छान्दोग्य उपनिषद्)**). બ્રહ્માંડની તિરોહિત અવસ્થાને બૃહદારણ્યક ઉપનિષદ ૧.૧.૧ માં " મૃત્યુ " અને " ભક્ષિત " શબ્દોથી જણાવે છે અને મનુસ્મૃતિ (૧|૫ - ૩૨) માં તેને **'तमस्'** અથવા **'सुषुप्ति'** કહે છે.

ગોપેશ્વરજી **"विराजो अधि पूरुषः"** માં અનિરુદ્ધ પુરુષનું વર્ણન માને છે. અધિ - પુરુષ જે બ્રહ્મા છે તેમની યજ્ઞ શ્રદ્ધાનાં કારણે ધર્માત્મા છે અને તેથી તેમની અનિરુદ્ધ પુરુષરૂપતા પ્રતિપાદિત થાય છે. (**अधिपुरुषो ब्रह्मा यज्ञश्रद्धत्वात् धर्मात्मानिरुद्धरुपश्च**)

શ્રીમદ્ ભાગવતમાં **पुरुषोऽण्डं विनिर्भिद्य यदासौ स विनिर्गतः । आत्मनोऽयनमन्विच्छन् अपोस्त्राक्षीच्छुचिः शुचीः ॥ तास्ववात्सीत्स्वसृष्टासु सहस्त्रपरिवत्सरान् । तेन नारायणो नाम यदापः पुरुशोद्भवः॥ २-१०-११**

આ વિરાટ પુરુષ તે જીવ - રૂપ નથી પણ જીવથી વિલક્ષણ છે. સ્વેચ્છાથી તેનાં નામ અને ઇન્દ્રિયો થયા. આ " વિરાટ પુરુષ " તે બ્રહ્માંડને ભેદીને બહાર નીકળ્યા અને તે " નર " કહેવાયા. તેમાં ભગવાનનો આવેશ હતો તેનાથી જળ થયું તેનું નામ 'નાર' થયું. તે નાર રહેવાનું સ્થાન તે નારાયણ. આ નારાયણ દ્વારા સૃષ્ટી કાર્ય પ્રકટ થાય છે. અથવા પુરુષરૂપ નારાયણથી **भूमि** - બ્રહ્માંડ ઉત્પન્ન થયું. આ બ્રહ્માંડથી વિરાટ ઉત્પન્ન થયો. **विराट्** – શબ્દ દ્વારા મહત આદિ રૂપોથી સમાવિષ્ટ થયેલ હિરણ્મય અંડ કહેવામાં આવ્યું છે. આ વિરાટથી ચતુર્મુખ બ્રહ્મા ઉત્પન્ન થયા. આ બ્રહ્મા તે વિરાટ (હરિ) નાં નાભી - પદ્મથી પ્રકટ થયા. બ્રહ્માનું કાર્ય, જે સૃષ્ટી પ્રકટ થઇ રહી છે તેને થવા દે. મૂળ સૃષ્ટિ કાર્ય તો આ વિરાટ (હરિ) દ્વારા જ થઇ રહ્યું છે. આ બ્રહ્મા - શિવ આદિ દેવોને અતિક્રાંત કરે છે, તેથી બ્રહ્મા તેઓથી અધિક છે. તેવી રીતે **विराजो अधि पुरुष** - આ વિરાટ પણ ચતુર્મુખ બ્રહ્મા અને શિવ આદિ કરતાં **अधि** – અધિક (ઉત્તમ) છે. તેનું વર્ણન ગરુડ - પુરાણમાં –

**तस्मात् हरेरण्डमभूद्दण्डादपि चतुर्मुखः। सविराण्णामकस्तस्मादधिको हरिरेव तु ॥ अण्डाज्जातस्य तस्यान्यद्रुपं पद्मादभूद्धरेः। यदोभयात्मको जज्ञे ब्रह्मा लोकपितामहः॥**

આ વર્ણન ઉપર વર્ણિત સૃષ્ટિ પ્રકારોમાંનાં "પુરુષ દ્વારા" સૃષ્ટિ ઉત્પત્તિનો પ્રકાર અહિયાં વર્ણવવામાં આવ્યો છે. તેને, નીચે પ્રમાણે નાં ચિત્રોથી સમજી શકાય છે -

**भगवद् जागरण / ईक्षण**

**कारण सृष्टि उत्पत्ति**

**सत् चिद् आनन्द => सत्व रज् अने तम्**

**भगवान -> अक्षरब्रह्म-> काल कर्म स्वभाव**

**भगवद् चेष्टा => काल + (त्रिगुण असाम्यावस्था) => भूत, भविष्य अने वर्तमान**

**स्वभाव + त्रिगुण => त्रिविध जड सृष्टि**

**कर्म + त्रिगुण + पुरुष => महत्**

**महत् + काल, कर्म, स्वभाव => अहंकार => सात्विक् अहंकार (ज्ञान शक्ति) => मन + दश इन्द्रियो देवता (दिशा, वायु, सूर्य, प्रचेता, अश्विनीकुमारो, अग्नि, इन्द्र, उपेन्द्र, मित्र, ब्रह्मा)**

**तामस अहंकार (द्रव्य शक्ति) => आकाश =>वायु=>अग्नि => आप => अन्न**

**राजस अहंकार (कर्म शक्ति) => दश इन्द्रियो + बुद्धि, प्राण ब्रह्माण्ड <= भगवद् प्रवेश**

**विराट् पुरुष**

**षष्ठी ऋक्**

**यत्पुरुषेण हविषा । देवा यज्ञमतन्वत ।**

**वसन्तो अस्यासीदाज्यम् । ग्रीष्म इध्मः शरद्धविः । ६**

**यत् | पुरुषेण | हविषा | देवाः | यज्ञम् | अतन्वत | वसन्तः | अस्य | आसीत् | आज्यम् | ग्रीष्मः | इध्मः | शरत् | हविः|**

**જ્યારે પુરુષાત્મક હવન (સૃષ્ટિ યજ્ઞ) સામગ્રી દ્વારા દેવોએ સૃષ્ટિ યજ્ઞનો વિસ્તાર કર્યો ત્યારે આ યજ્ઞનો આજ્ય (તરલ ઘૃત) વસંત, સમિધા ગ્રીષ્મ અને હવિ શરદ ઋતુ હતી.**

**देवाः - નો અર્થ इन्द्रियप्राणसध्येषु देवशब्दः समीरितः ઇન્દ્રિય વાચી પણ લઇ શકાય છે. (वरदराजीय भाष्यम्)**

**જ્યારે બ્રહ્મા તે પુરુષનાં નાભિકમળમાંથી ઉત્પન્ન થયા ત્યારે તેમણે ભગવાન મહાત્મા હોવાથી તેમનું આરાધન કરવાનું વિચાર્યું. પણ આરાધન કેમ કરવું ? ત્યારે બ્રહ્માજીએ યોગ જ ધર્મથી જાણ્યું કે ભગવાન ને પ્રસન્ન કરવા હોય તો યજ્ઞ કરવો. તે યજ્ઞ કેમ થઇ શકે ? તે પણ વેદ ને જોવાથી જણાયું કે સામગ્રી ભેગી કરી પશુ અને પુરોડાશથી યજ્ઞ કરવો. પણ તે પશુ અને પુરોડાશ ક્યાંથી લાવવા? તે પણ યોગજ ધર્મથી તેમણે જાણ્યું કે ભગવાનનાં શ્રીઅંગ વગર પશુ પુરોડાશ વગેરે કાંઈ નથી, ત્યારે તે પુરુષ યજ્ઞરૂપે પ્રકટ થયા. બ્રહ્મવાદમાં સાધન અને સાધ્ય સર્વ ભગવદાત્મક છે. સૃષ્ટિ**

**નાં અભિન્ન-નિમિત્ત - ઉપાદાન કારણ માત્ર શુદ્ધ બ્રહ્મ જ છે (समन्वयाधिकरण અને प्रकृतिश्च इत्यधिकराण) દ્વારા સિદ્ધ થાય છે. ऐतदात्म्यं इदंसर्वम्.**

**(इति संभृतसंभारः पुरुषावयवैरहम् | तमेव पुरुषं यज्ञं तेनैवायजमीश्वरम् || भाग. पु. २-६-२७)**

**યજ્ઞ શબ્દ 'यज्' ધાતુ થી બનેલો છે. यज् ધાતુ નો અર્થ 'यज् देवपूजा संगतिकरण दानेषु' અર્થાત यज् ધાતુનાં ૩ અર્થો થાય છે –**

**૧. દેવ પૂજા ૨. સંગતિ કરણ ૩. દાન**

**બ્રહ્મ આ સૃષ્ટિનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય કર્તા છે. ભાગવત પુરાણ તેને ભગવદલીલાનાં રૂપ માં વર્ણન કરે છે અને તેને દશ - વિધ લીલા નાં રૂપ માં વિસ્તાર કરે છે. લીલા દ્રષ્ટિ કેળવવાથી જ પુષ્ટિ - ભક્તિ સિદ્ધ થાય છે. જેમ લીલા (अनायासेन हर्षात् क्रियमाणा चेष्टा इति लीला) માં નિષ્પ્રયોજનત્વ અને આનંદત્વ રહેલા છે તેમ પુષ્ટિ ભક્તિ (मन्निष्ठं निर्गुणं स्मृतम्, स्वर्गापवर्ग नरकेष्वपि तुल्यार्थ दर्शिन, मयि ते तेषु चाप्यहम्, न वा रे सर्वस्य कामाय सर्वं प्रियं भवति आत्मनस्तु कामाय सर्वंप्रियं भवति, माहात्म्यज्ञान पुर्वस्तु सुदृड सर्वतोधिक स्नेहो इति भक्ति, अहम् आत्मात्मनो धातः ..., शुद्धा प्रेम्णा अति दुर्लभा) માં પણ આનંદત્વ અને નિષ્પ્રયોજનત્વ રહેલા છે. તેથી જ શ્રીમહાપ્રભુજી કહે છે – पुष्टि स्वार्था परार्था तु भक्ति. આ સૃષ્ટી રૂપી યાગ માટે બ્રહ્માજીએ પુરુષનાં અવયવોમાંથી બધા પદાર્થો ભેગા કરીને તે યજ્ઞ રૂપ ભગવાનનું, તેનાથી જ યજન કર્યું. બ્રહ્માજીએ આ યાગ પોતાના સ્વાર્થ ફળ માટે નહી પણ ભગવાન માટે કર્યો તેથી આ ઉત્તમ ભક્ત્યાત્મક યાગ છે. ભગવાનની પ્રીતિ માટે કરેલો યાગ ભક્તિ રૂપ છે. ब्रह्मार्पणं ब्रह्म हविः ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् । ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥**

| | | |
|---|---|---|
| **ત્યાગ** | **स्वस्वत्व निवर्तन** | **કોઈ વસ્તુ પરથી પોતાની સત્તા છોડવી** |
| **દાન / યજ્ઞ** | **स्वस्वत्व निवर्तन परस्वत्वापादन** | **પોતાની સત્તા છોડી અન્ય ને આપવી** |
| **નિવેદન** | **स्वस्वत्व अनिवर्तन परस्वत्व अङ्गिकरण** | **પોતાની સત્તા છોડ્યા વગર અન્યની તે વસ્તુ પર સત્તાનો અંગીકાર કરવો** |
| **સમર્પણ** | **स्वस्वत्व अनिवर्तनपूर्वक परप्रयोजन अङ्गिकरण** | **પોતાની સત્તા છોડ્યા વગર સર્વ વસ્તુનો પ્રયોજન અન્યને માનવો** |
| **વિનિયોગ** | **स्वस्वत्व अनिवर्तन परार्थ उपयोग** | **પોતાની સત્તા છોડ્યા વગર સર્વ વસ્તુનો અન્ય માટે ઉપયોગ કરવો** |

| યજ્ઞ પુરુષનું અંગ | યજ્ઞ સામગ્રી | યજ્ઞમાં ઉપયોગ |
|---|---|---|
| ઉરુ | પશુ | પશુ |
| રૂંવાડા | વૃક્ષો | યૂપ (પશુને બાંધવા માટેનો થાંભલો) |
| પરસેવો સાથે રોમો | દર્ભ | યૂપ |
| પાદ | દેવયજન ભૂમિ | યજ્ઞ ભૂમિ |
| પાંપણ | કાલ | વસંત આદિ |
| ઓષ્ઠ | વસ્તુઓ | ડાંગર વગેરે ઔષધિઓ |
| દ્રષ્ટી | સ્નેહો | ઘી વગેરે આજ્ય |
| જીહ્વા | રસો | દધિ, મધ વગેરે રસો |
| નાસિકા | મૃત્તિકા | મહાવીર નામનું ધર્મપાત્ર |
| નાડી | જલ | વસતીવરી (પ્રોક્ષણ) |
| કાન અને મસ્તક | ઋક, યજુ અને સામ વેદો | મંત્રો |
| બાહુ | ચાતુર્હોત્ર કર્મ | ચતુર્ગુણ સાધ્યકર્મ / ચાર હોતા જેના કારણ છે તે કર્મ |
| મુખ | નામ | યજ્ઞનાં નામો – જ્યોતિષ્ટોમ આદિ |
| મસ્તક નાં અવયવો | મંત્રો | સ્વાહાકાર આદિ મંત્રો |
| વામ ઉરુ | ગાયો અને દક્ષિણા | |
| મન | વ્રતો | દીક્ષા વગેરે |
| પર્વ | દેવતા | દેવતાનો ક્રમ |
| બળ | કલ્પ | કલ્પસુત્રો |
| બુદ્ધિ | સંકલ્પ | કામનાનો વિષય |
| પ્રાણ | સુત્ર | ન્યાય સુત્રો (કર્મ કરવાની પદ્ધતિ) |
| વિક્રમ | ગતિ | વિષ્ણુક્રમાદી |
| જ્ઞાનેન્દ્રિય | મતિ | દેવતા ધ્યાન |
| કર્મેન્દ્રિય | પ્રાયશ્ચિત્ત | અજાણતા પાપ થાય તેને દૂર કરવા |
| આત્મા | સમર્પણ | નિવેદન |

**આ પરથી સમજાય છે કે કર્તા અને કાર્ય , ભોક્તા અને ભોગ્ય રૂપથી, હવિ અને યજ્ઞ દેવતા રૂપથી સર્વ હરિ જ છે. તેથી જ यज्ञो वै विष्णुः કહેવામાં આવ્યું છે. આ સૃષ્ટીયજ્ઞ માં વસંત ઋતુ આ યજ્ઞ નાં આજ્ય રૂપ બન્યો. વસંત ઋતુ – મધુ અને માધવ માસ રૂપ છે (मधुश्च माधवश्च वासन्तिकावृतू). આ ઋતુપુરુષ નું જે આજ્ય છે તે 'તેજ' છે. લોક માં પણ વસંત ઋતુમાં વિવિધ પશુઓ દ્વારા નવ પલ્લવિત તરુ પલ્લવ અને શાખા, પત્ર, પુષ્પ ઇત્યાદિ નાં ચર્વણ નાં કારણે તેમનાંમાં વધુ પ્રમાણમાં ક્ષીર ઉત્પત્તિ થાય છે અને તેને દર્શાવવા માટે વસંત ઋતુ આ યજ્ઞપુરુષનો આજ્ય બને છે. हिमदग्धतृणा भूमिर्वसन्ते शोभते तृण: | गावश्च तृणभक्षेण दुहन्ते सुतरां पयः || (पद्म पुराण)**

**ગ્રીષ્મઋતુ યજ્ઞનો ઇંધણ બન્યો. ગ્રીષ્મ ઋતુ – શુક્ર અને શુચિ માસ રૂપ છે (शुक्रश्च शुचिनश्च ग्रैष्मिकावृतू). ઇંધણ - જ્વલય અગ્નિને વધારે અને પોષણ કરે છે. ગ્રીષ્મ ઋતુમાં સકળ ગુલ્મ, તરુ, લતા આદિઓ નો દ્રવ - શોષણ થાય છે અને તેથી તેમની ઇંધણરૂપતા સિદ્ધ થાય છે. તેથી યજ્ઞ ઈશ્વર નાં પ્રીત્યર્થ ગ્રીષ્મ ઋતુ ઇંધણ રૂપ બને છે. ग्रीष्मकाले पलाशेध्मानाहरन्ति महर्षयः | ये च सांवत्सरं सत्रमासते भाव (दोष) शान्तये || (पद्म पुराण)**

**શરદઋતુ યજ્ઞનો હવિ બન્યો. શરદ ઋતુ – ઇષ અને અર્જ માસ રૂપ છે (इषश्च अर्जश्च शारदावृतू). યજ્ઞમાં હોમ કરવા માટે જે ઉપયોગી હોય તે હવિ. યજ્ઞમાં હવિની યોગ્યતાનાં સંપાદન અર્થે નૂતનશાલી ચોખા વગેરે નવીન ધાન રૂપ અન્ન, શરદ ઋતુમાં પ્રાપ્ત થાય છે. તેથી શરદ ઋતુની હવિ રૂપતા સિદ્ધ થાય છે અને યજ્ઞપુરુષ નાં પ્રીત્યર્થ હવિ રૂપ બને છે. खर्जूरपुष्पाकृतिभिः शिरोभिः पूर्णतण्डुलैः | शोभन्ते किञ्चिदालंबाः शालयः कनकप्रभाः || (श्रीमद् रामायण)**

**ષડ ઋતુ હોવા છતાં ત્રણ ઋતુઓ જ યજન ઉપયોગી થાય છે તેવો કાલ નિર્ણય થાય છે. अतन्वत: तनु विस्तारे પ્રમાણે અર્થ કરતાં – 'આ યજ્ઞ નો વિસ્તાર કર્યો'.**

**<u>સાધન અને બ્રહ્મ શક્તિ /સૃષ્ટિ રૂપ વચ્ચે તાદાત્મ્ય</u>**

**સાધન અને Universe Constitution : assimilation**

| સૃષ્ટિ રૂપતા | શાસ્ત્ર વચન | સાધન | |
|---|---|---|---|
| | | | |

| | | | |
|---|---|---|---|
| **કાલ દ્વારા** | चेष्टामाहुः चेष्टते विश्वं**...**<br>कालात्स्रवन्ति भूतानि कालाद्वृद्धिं प्रयान्ति च ।काले चास्तं नियच्छन्ति कालो मूर्तिरमूर्तिमान् ॥मूर्तिरमूर्तिमान् ॥ १४॥ द्वे वाव ब्रह्मणो रुपे कालश्चाकालश्चाथ यः प्रागादित्यात्सोऽकालोऽकालोऽथ य आदित्यद्यः स कालः सकलः सकलस्य वा एतद्रूपं यत्संवत्सरः संवत्सरात्खल्वेवेमाः प्रजाः प्रजायन्ते संवत्सरेणेह वै जाता विवर्धन्ते संवत्सरे प्रत्यस्तं यन्ति तस्मात्संवत्सरो वै प्रजापतिः कालोऽन्नं ब्रह्मनीडमात्मा चेत्येवं ह्याह कालः पचति भूतानि सर्वाण्येव महात्मनि । यस्मिन् तुयस्मिन् तुपच्यते कालो यस्तं वेद स वेदवित् ॥मैत्रायण्युपनिषत् ॥ | **સેવા / પૂજા / કર્મ પણ કાલ સાપેક્ષ છે.** | **Big Bang Theory** |
| **તપ દ્વારા** | **सोऽकामयत \| बहुस्यां प्रजायेयेति \| स तपोऽतप्यत \| स तपस्तप्त्वा \| इदं सर्वंमसृजतः यदिदं किंच \|** | **त्रिदु:खसहनं धैर्यं** | |

| | | | |
|---|---|---|---|
| **અવિદ્યા દ્વારા** | नासदासीन्नो सदासीत्<br>तम आसीत्...<br>विद्याविद्ये...<br>प्रकाशश्राय...<br>अन्धन्तमः प्रविशन्ति येऽविद्यामुपासते। ततो भूय इव ते ततो य उ विद्यारताः (ईशावास्य. उप. ६)<br>विद्यां चाविध्यां च यस्तद्वेदोभय सह । अविद्यया मृत्युं तीर्वा विद्ययामृतमश्नुते (ईशावास्य. उप. ६) | **અહંતા / મમતા બ્રહ્મને પ્રાપ્ત કરવામાં સાધન બને છે.**<br>**અજ્ઞાન અને અન્યથા જ્ઞાન તામસ ભક્તોનો પ્રમાણ બન્યો.** | |
| **સ્વભાવ દ્વારા** | | **પુષ્ટિ - પ્રવાહ - મર્યાદા જીવ સ્વભાવ દ્વારા સાધનની પ્રાપ્તિ. પુષ્ટિમાર્ગ સર્વ -જીવ માટે નથી.** | **Continuous Expanding Theory** |
| **આનંદ /લીલા** | **आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते। आनन्देन जातानि जीवन्ति । आनन्दं प्रयन्त्यभिसंविशन्ति इति** | **सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः**<br>**भक्तिरसात्मिका सेवा** | |
| | | | |

**सप्तमी ऋक्**

**स॒प्तास्या॑सन्परि॒धय॑: । त्रिः स॒प्त स॒मिध॑: कृ॒ताः ।**

**दे॒वा यद्य॒ज्ञं त॑न्वा॒नाः । अब॑ध्न॒न्पुरु॑षं प॒शुम् । ७**

**सप्त | अस्य | आसन् | परिऽधयः | त्रिः | सप्त | समिधः | कृताः | देवाः | यत् | यज्ञम् | तन्वानाः | अबध्नन् | पुरुषम् | पशुम् ||**

જ્યારે દેવો એ યજ્ઞનો વિસ્તાર કરતાં પુરુષરૂપ પશુને બાંધ્યો ત્યારે તેની સાત પરિધિઓ હતી. અને એકવીશ સમીધાઓ બનાવી.

પૂર્વપક્ષ:

વેદમાં સિદ્ધ અને સાધ્ય દેવો અને તેમનાં કર્મ કરણનું વર્ણન મળે છે.

સિદ્ધ દેવતા – નિત્ય સિદ્ધ દેવતા (નિત્ય સન્નીધાન છે)

સાધ્ય દેવતા – **साध्या वै देवाः** - કર્મ કરવાથી દેવને સિદ્ધ કરવામાં આવે તો સાધ્ય દેવતા. વેદમાં સાધ્ય દેવોનાં કર્મ - કરણનું વર્ણન મળે છે. તેનો અર્થ છે કે આ સાધ્ય દેવો એ વેદાર્થ રૂપ જ્ઞાન પણ મેળવેલું હોવું જોઈએ. તેથી તેમણે યજ્ઞનાં દેવો નું પણ જ્ઞાન મેળવેલું હોવું જોઈએ. આમાં અનેક દોષો પ્રાપ્ત થાય તો

૧. સાધ્ય દેવોને સાધ્ય દેવોનું જ્ઞાન થાય તેવો આત્માશ્રય દોષ પ્રાપ્ત થાય. કર્મનાં કર્તા અને કર્મથી સાધ્ય તેમાં દ્વૈત ની અપેક્ષા હોય છે. અને જો કર્તા, કર્મ અને સાધ્ય એક જ હોય તો સાધ્ય દેવો ને કર્મ ની આવશ્યકતા રહેતી નથી. તેથી શબ્દ(વેદ) માં વિરોધ આવે છે.

૨. વેદમાં સાધ્ય દેવો કર્મ કરે છે એવું વલણ લઈએ તો જે સાધ્ય દેવો વેદનાં સાધ્ય આદિના કર્મનું જ્ઞાન મેળવીને કર્મ કરે તે બેને જુદા ગણીએ તો તેને માટે વળી ત્રીજા સમૂહની કલ્પના કરવી પડે; તેને માટે ચોથા સમૂહની કલ્પના કરવી પડે એ રીતે અનવસ્થા થાય (Infinite Regression).

3. વેદમાં દેવોનાં વૃતાંત મળવાથી તેમ પૂર્વપક્ષ પ્રાપ્ત થાય કે તેથી દેવો અનિત્ય બનશે અને તેથી વેદ પણ અનિત્ય (પ્રક્ષિપ્ત) પ્રાપ્ત થશે – Ved is not eternal because it narrates the history which is time dependent events. Thus, it becomes naturally an ever changing scripture which is directly contradicatory of its claimed nature of being eternal.

જો વેદ - સિદ્ધ ઇતિ વૃત્તિનો વર્ણન કરતો હોય તો શબ્દ પાછળથી આવશે અને વસ્તુ પેહલા હશે. અને જો તે સિદ્ધ ઇતિ વૃત્તિનો વર્ણન ન કરતો હોય તો વેદ અનિત્ય થશે. વસુને કારણે વેદ માં વસુનો ઉલ્લેખ છે કે વેદનાં કારણે વસુ સાધ્ય દેવતા છે ?

સિદ્ધ દેવતા – નિત્ય સિદ્ધ દેવતા (નિત્ય સન્નીધાન છે)

સાધ્ય દેવતા – કર્મ કરવાથી દેવને સિદ્ધ કરવામાં આવે તો સાધ્ય દેવતા.

જો સિદ્ધ દેવતાનું વર્ણન હોય તો સિદ્ધ દેવતા પેહલા અને વેદ પછી આવ્યા તેવો દોષ પ્રાપ્ત થશે. અને જો સાધ્ય દેવતાનું વર્ણન હોય તો 'સિદ્ધ ઇતિ વૃત્તિ' નો ખંડન થશે. તેથી વેદમાં અંશતઃ અપ્રામાણ્ય આવશે.

ઉત્તરપક્ષ:

વૈદિક નામ પ્રપંચ આ રૂપપ્રપંચથી સર્વથા ભિન્ન છે. તે ઇન્દ્રિયગોચર નથી. તેથી લૌકિક સૃષ્ટિની માફક એની ઉપસ્થિતિ નથી. પણ આનો કોઈ દોષ નથી કારણ કે બધા પદાર્થો ભગવદરૂપ છે. બધા વૈદિક પદાર્થો ભગવાનનાં અવયવ રૂપ હોવાથી બ્રહ્મા આદિ દેવોને માટે તે પદાર્થોની ઉપસ્થિતિ સરળતાથી થાય છે. બ્રહ્માજી એ સૃષ્ટિની blueprint ભગવાનમાં જોઇ. તેથી સૃષ્ટિ પેહલા જ સૃષ્ટિ ભગવદ અવયવમાં વિદ્યમાન હતી જ ( તિરોહિત અવસ્થા માં ) તેવી રીતે નામ સૃષ્ટિ (સિદ્ધ દેવો) પણ ભગવાનનાં અવયવ રૂપ પેહલેથી જ વિદ્યમાન હતા. તેથી આ સર્વ દોષો પ્રાપ્ત થતાં નથી.

સાધ્ય દેવોનું વર્ણન ભાવીની વૃત્તિ દ્વારા ("अष्टवर्षब्राह्मणम् उपनयित तम् अध्यापयित" वत्) કરવામાં આવ્યું છે કેમકે સૃષ્ટીની ઉત્પત્તિના વર્ણનમાં દેવોની ઉત્પત્તિ હજુ થવાની છે. અને તેથી સાધ્ય દેવોનું

**વર્ણન હાલમાં અપ્રયુક્ત બને અને તેથી ભાવીવૃત્તિ દ્વારા આ સર્વનું સમાધાન સમજવું. અથવા આરંભમાં ભગવાન સ્વયં દેવતાનું સ્થાન લઈને યજ્ઞ કરતાં. આમ પુરુષના અવયવરૂપ દેવતાઓનું અસ્તિત્વ છે તેમ સમજવું. આ બાબતમાં વધુ વિવેચન – तदुपर्यपित्यधिकरण (अणुभाष्य १-३-२६-३३) માં પ્રાપ્ત થાય છે.**

**જ્યારે સાધ્ય દેવોએ સૃષ્ટિયજ્ઞનો વિસ્તાર કર્યો ત્યારે આ સૃષ્ટિયજ્ઞની સપ્ત પરિધિઓ હતી (परितो निधीयते इति परिधिः). પરિધિયો સાત છે – ત્રણ ઉત્તરવેદિ, ત્રણ આહવનીય અને સાતમો આદિત્ય. આ સાત પરિધિઓ છે –**

**પૃથ્વી પૃથિવી, જલ, તેજ, વાયુ, આકાશ, અહંકાર અને બુદ્ધિ (मैत्रावरुण उपनिषद्). આ સૃષ્ટિયજ્ઞમાં એકવીશ સમીધાઓ બનાવી – एकविंशतिमिध्मदारुणि भवन्तीति. पैङ्गायनिब्राह्मण માં આ સમીધાઓ નું વર્ણન –**

**पृथिव्यादिपञ्चभूतानि तन्मात्राश्च पञ्च च | कर्मेन्द्रियाणि पञ्च पञ्च ज्ञानेन्द्रियाणि च | अन्तः करणमित्येकविंशति समिधः कृताः ||**

**પૃથિવી આદિ પાંચ ભૂતો, પાંચ તન્માત્રાઓ, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, અને એક અંતઃ કરણ – એમ ૨૧ સમિધાઓ બનાવી. સાધ્ય દેવો અથવા ઇન્દ્રિયો, આ સૃષ્ટિયજ્ઞમાં પુરુષરૂપ ચતુર્મુખ બ્રહ્મા ને પશુત્વેન બાંધ્યો. આ પશુને બાંધવા માટે વિષ્ણુ આજ્ઞારૂપી દોરડું અને તે પશુ ને બાંધવા માટે સ્થંભરૂપ (यूपः) મૂળ પ્રકૃતિ દ્વારા સકળ લોકસૃષ્ટિ યજ્ઞ ને નિષ્પન્ન કર્યો.**

**અથવા વિરાટ પુરુષરૂપને પશુત્વેન બાંધ્યો. બ્રહ્મ સ્વયં યજ્ઞનાં સામગ્રી રૂપ બન્યો, યજ્ઞ કર્તારૂપ બન્યો, યજ્ઞનાં યજમાન રૂપ બન્યો અને સ્વયં યજ્ઞમાં હોમ કરવા લાયક પશુ પણ બન્યો. બ્રહ્મ સ્વયં** સૃષ્ટિરૂપી યજ્ઞમાં હોમાય છે અને છતાં તે પૂર્ણ જ રહે છે.

**(ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पुर्णमुदच्यते**
**पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥)**

**જેવી રીતે ब्रह्मविद् ब्रह्मैव भवति –જ્યારે જ્ઞાનમાર્ગીય સાધક પોતાની જાત અને બ્રહ્મ સાથે તાદાત્મ્યનો ભાવ કેળવે છે ત્યારે તે સ્વયં બ્રહ્મ બને છે ( અંશી તયા નહી પરંતુ અંશ તયા ) અને તે દ્વારા તે પોતાના અહંને બ્રહ્માત્મક અહંમાં હોમી દે છે ત્યારે તે સ્વયં બ્રહ્મ જેવો બની જાય છે તેવી રીતે બ્રહ્મ પણ પોતાની સૃષ્ટિરૂપી લીલા સાથે તાદાત્મ્ય પોતે હોમાઈને કેળવે છે. જે પદાર્થ પ્રજા - પાલક હોય તેને પણ પશુ કહેવાય છે – कतमः प्रजापतिरिति पशुरीति (शतपथ ब्राह्मण)**

**तं य॒ज्ञं ब॒र्हिषि॒ प्रौक्ष॑न् । पुरु॑षं जा॒तम॑ग्र॒तः ।**

**तेन॑ दे॒वा अय॑जन्त । सा॒ध्या ऋष॑यश्च॒ ये । ८**

**વિષ્ણુ આજ્ઞારૂપ દોરડું બ્રહ્મા નામનો પશુ / દેવો – પરવશ ઇન્દ્રિયો / યૂપ – મૂળ પ્રકૃતિમાં**

**વિષ્ણુ આજ્ઞારૂપ દોરડાથી બ્રહ્મા નામનાં પશુને ઇન્દ્રિયો એ યૂપ સ્થાનીય મૂળ - પ્રકૃતિમાં નિયોજન કરી સૃષ્ટિ યજ્ઞ કર્યો. આ યજ્ઞ દેવો (અર્થાત – સાધ્ય દેવો) એ કર્યો. અહિયાં 'યજ્ઞ' શબ્દ યજ્ઞસાધક (યજનીય હવિ) નાં અર્થમાં પ્રયુક્ત છે. 'बर्हिं' નો અર્થ વિરાટ પ્રકૃતિ છે. આ સાધ્ય દેવોએ બ્રહ્મારૂપ પશુનો પ્રોક્ષણ (શુદ્ધિ - સંસ્કાર) કર્યો અને મૂળપ્રકૃતિમાં હોમ કર્યો. જગતનાં ઉપાદાન કારણ તરીકે પ્રકૃતિ અને નિમિત્ત**

કારણ તરીકે બ્રહ્મા અને તેમની ઇન્દ્રિયોનું સમ્યક્ યોજન કરી સાધ્ય દેવોએ યજ્ઞ કર્યો. આ સાધ્ય દેવોનો અર્થ કર્મસાધક ઇન્દ્રિયો પણ લઇ શકાય. **ऋषयश्च** નો અર્થ જ્ઞાનસાધક ઇન્દ્રિયો (ચક્ષુ આદિ) દ્વારા આ યજ્ઞ કર્યો તેમ અર્થ થશે. જગતનાં ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ તો મૂળ માં બ્રહ્મ જ છે. અણુભાષ્યમાં શ્રીમહાપ્રભુજીએ તેનું વિષદ વિવેચન કર્યું છે. પ્રકૃતિકારણ વાદ, જીવબ્રહ્મવાદ અને જીવપ્રકૃતિસંસર્ગ કારણવાદનો નિરસન કરી બ્રહ્મ જ જગત નું સમવાય અને નિમિત્ત કારણ છે તેનું પ્રતિપાદન કર્યું. નીચે પ્રમાણે તેની સમજણ છે –

| અધિકરણ | સંશય | પૂર્વ પક્ષ | ઉત્તરપક્ષ |
|---|---|---|---|
| આનુમાનિકાધિકરણ,<br>ચમસાધિકરણ,<br>સંખ્યોપસંગ્રહાધિકર ણ | ઉપનીષદોમાં અનેક શ્રુતિઓ સાંખ્યમત અનુરૂપ સૃષ્ટિનું વર્ણન કરે છે. તેવો સંશય થઇ શકે છે. | કાપીલમત (સાંખ્યમત)વેદમાં નિરૂપિત છે અને તેથી શ્રૌતમત છે. પ્રકૃતિ જગતની ઉપાદાનકારણ છે. | સાંખ્યમત શ્રૌતમત નથી. ઉપનીષદોમાં મળતા વાક્યો સાંખ્ય પ્રતિપાદક નથી. બ્રહ્મ જ જગત નું ઉપાદાન કારણ છે અને બ્રહ્મ જ સર્વ રૂપો ધારણ કરે છે (કર્મ, કાલ, સ્વભાવ, પ્રકૃતિ અને પુરુષ) |
| યથાવ્યપદિષ્ટ અધિકરણ,<br>સમાકર્ષાધિકરણ | સૃષ્ટિ વર્ણનાત્મક શ્રુતિઓમાં પરસ્પર શાબ્દિક અને આર્થિક વિપ્રતિષેધ છે તેવો સંશય થાય | પરસ્પર વિરુદ્ધ શ્રુતિઓ અર્થવાદ દ્વારા માત્ર બ્રહ્મ નાં સ્વરૂપનું જ વર્ણન કરે છે. ખરેખર તો પ્રકૃતિ અને પુરુષ દ્વારા જ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. | વિરુદ્ધધર્માશ્રયી બ્રહ્મ જ જગતનું અભિન્ન નિમિત્ત –ઉપાદાન કારણ છે. શ્રુતિઓમાં કોઈ પણ વિપ્રતિષેધ નથી અને સૃષ્ટિ વર્ણનાત્મક વાક્યો અર્થવાદ પર ન હોઈને સાક્ષાત બ્રહ્મ જ વિવિધ પ્રકારે સૃષ્ટી ઉત્પન્ન કરે છે. |
| જગદ્વાચિત્વાધિકરણ,<br>વાક્યાન્વયાધિકરણ | બ્રહ્મ સહીત જીવ જ જગત નાં કર્તા છે કે માત્ર બ્રહ્મ જ ? | જીવબ્રહ્મવાદ (જીવ અને બ્રહ્મ માં આત્યંતિક અભેદ અને બ્રહ્મ જ જીવ દશા પ્રાપ્ત કરે છે અને અજ્ઞાનવશ (માયોપાધિક) બ્રહ્મ સૃષ્ટિ પ્રકટ કરે છે. માયા (પ્રકૃતિ) કર્ત્રી છે. અથવા પ્રકૃતિ જ જગત નું કારણ છે. | જીવ બ્રહ્મ નો અંશ છે. પ્રકૃતિ અભિમાની જીવ જગત નાં કર્તા નથી. જીવબ્રહ્મવાદ સાચો નથી. |
| પ્રકૃતિશ્ચ ઈત્યધિકરણ | અર્ધ-જરતીય ન્યાય દ્વારા શું બ્રહ્મ નિમિત્ત કારણ અને પ્રકૃતિ ઉપાદાન કારણ ન માની શકાય? | લોક માં ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ જુદા જ જોવા મળે છે. બ્રહ્મ બન્ને હોઈ નથી શકતો. તેથી બ્રહ્મ નિમિત્ત કારણ છે અને પ્રકૃતિ ઉપાદાન. | બ્રહ્મ અલૌકિક છે અને તે જ ઉપાદાન અને નિમિત્ત કારણ બને છે. બ્રહ્મ જ જગત ની પ્રકૃતિ અને વિકૃતિ છે. |

**तस्माद्यज्ञात्सर्वहुतः । संभृतं पृषदाज्यम् ।**

**पशूꣳस्ताꣳश्चक्रे वायव्यान् । आरण्यान्ग्राम्याश्च ये । ९**

**नवमी ऋक्**

**પહેલા કહી ગયા મુજબ યજ્ઞરૂપ ભગવાનનો પણ સર્વ પદાર્થોમાં સંબંધ છે. તે યજ્ઞ સાધનભૂત પદાર્થો ભગવાનથી જુદા નથી અને તેથી ભગવાન સર્વ રૂપ છે. બધાનું તત્વ ભગવાન જ છે.**

**वसन्तोऽस्यासीदाज्यम्...ઋક દ્વારા વસંતકાળ ઇત્યાદિ યજ્ઞ સાધનોની ભગવદ્ અંગોમાંથી ઉત્પત્તિ કહી. ભગવાનનાં અંગોમાંથી કેવળ વસંત આદિ માત્રની જ ઉત્પત્તિ નથી પરંતુ પૂર્વ ઉક્ત વસંત આદિ સાધનોથી ઈતર પણ સર્વ યજ્ઞ સામગ્રી ભગવાનના અંગોમાંથી ઉત્પન્ન થયા છે. આમ સિંહાવલોકન ન્યાય દ્વારા આ ઋક વર્ણન કરે છે.**

**तस्मात् यज्ञात् દ્વારા યજ્ઞ રૂપ વિષ્ણુમાંથી सर्वहुतः સર્વે પ્રધાન હોમ પદાર્થો ઉત્પન્ન થયા. આ વિષ્ણુ દ્વારા પોતાના અંગ વિશેષમાંથી દધિમિશ્ર આજ્ય સંપાદિત થયું. આ વિષ્ણુએ वायव्यान् (वायव्याः) અંતરીક્ષલોક માં ઉત્પન્ન, आरण्यान् (आरण्याः) અરણમાં ઉત્પન્ન અને ग्राम्यान् (ग्राम्याः) ગ્રામ્ય ઉત્પન્ન પશુઓને બનાવ્યા.**

**અથવા हुत् શબ્દની નિષ્પત્તિ બે પ્રકારોથી થાય છે**

**૧. हु ધાતુ (हु दानाऽदनयोः) દ્વારા થાય છે. તેથી હુતનો અર્થ દાન અથવા હવન થાય છે**

**૨. ह्वेञ शब्दे ધાતુ દ્વારા આહ્વાન થાય છે.**

**सर्वहुतः - सर्वात्मकः पुरुषो यस्मिन् यज्ञे हूयते અર્થાત જે યજ્ઞમાં સર્વાત્મક પુરુષ હોમાય છે તે સર્વહુત યજ્ઞ. તે યજ્ઞમાંથી દધિ - મિશ્ર આજ્ય (ધૃત) પ્રકટ થયું.**

**ઘણાં બધા ટીકાકારો એ हुत् નો અર્થ દાન અથવા યજ્ઞપરક માન્યો છે.**

**सर्वहुतः - सर्वं हूयते यस्मिन् स सर्वहुत् અર્થાત જેમાં સર્વ હોમાય તે સર્વહુત (પુરુષમેધ યજ્ઞ) આ સર્વહુત સૃષ્ટિયજ્ઞમાંથી पृषदाज्यं દધિ મિશ્ર ધૃત અથવા ભોગ્યજાત સૃષ્ટિની संभृतम् ઉત્પત્તિ થઇ. संभृतम् (सम्यक् सम् + भृञ भरणे+ क्त प्रत्यय - સારી રીતે ભરણ / સંપાદન/ઉત્પન્ન કરવું). पृषदाज्यं દ્વારા અન્ન, પ્રાણ, તેજ, જલ અને આકાશનાં મિશ્રણ રૂપ જે रेतस् વીર્ય છે જેમાંથી સુક્ષ્મ સૃષ્ટિની ઉત્પત્તિ સામગ્રી રહેલી છે તેવો અર્થ પણ કહી શકાય છે (पशवो वै पृषदाज्यम् - तै. ब्रा. १-६-३-२)**

**આ પુરુષ દ્વારા वायव्यान् વાયુદેવતાવાળા અથવા વાયુમાર્ગે (તીવ્રગામિ) પક્ષીઓ (अन्तरिक्ष देवत्याः खलु वै पशवः) અથવા વાયુમાં રહેવાવાળા અથવા વાયુમાંથી ઉત્પન્ન અથવા વાયુ દેવતારૂપી ઉપલક્ષણ દ્વારા સર્વ જીવજીવન પ્રવર્તનશીલ સર્વ દેવતાઓરૂપી पशून् પશુઓને બનાવ્યા. વાયુદેવતાવાળા (Metabolic process) વાળા સર્વ જીવનશીલ સૃષ્ટિની ઉત્પત્તિ કરી. આ સૃષ્ટિ आरण्यान् આરણ્ય પશુઓ (હરણ, વ્યાઘ્ર આદિ) ग्राम्यान् ગ્રામ્ય પશુઓ (ગાય, અશ્વ આદિ) ઉપલક્ષણ વિધિ દ્વારા સર્વ જીવનશીલ સૃષ્ટી ની ઉત્પત્તિ કહી.**

**અથવા**

**'पश्चाद्भूमिमथोपुरः' દ્વારા પ્રકૃતિ આદિ ઉત્પન્ન કાર્યનાં નિયામકત્વ, તદાત્મકત્વ, તેના વ્યાપ્યત્વ અને તેના આધારત્વ તરીકે આ પુરુષ જ બન્યો તેમ 'पुरुषो वै यज्ञ' ઇત્યાદિ શ્રુતિઓમાં વર્ણન છે. તેથી આ પુરુષ જ યજ્ઞસ્વરૂપ છે અને યજ્ઞથી અભિન્ન છે. આ દ્વારા આ પુરુષનાં સ્વરૂપજ્ઞાન અર્થે સર્વ યજ્ઞસામગ્રીની ઉત્પત્તિ આ પુરુષનાં જ વિભિન્ન અંગોમાંથી જણાવી છે. 'सर्वहुत' એ પુરુષ નું વિશેષણ છે – सर्वं हूयतेऽस्मिन्निति सर्वहुत्. 'तस्मात्सर्वहुतः' દ્વારા આ પુરુષનાં વિભિન્ન યજ્ઞરૂપોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ દ્વારા સર્વ કાર્ય રૂપ જગતનાં આયતન (આધાર) રૂપ, પ્રવર્તક રૂપ અને સ્થિતિરૂપ આ પુરુષ જ છે. તેથી અહિયાં કાર્ય અને કારણનાં તાદાત્મ્ય નું વર્ણન કરવામાં આવ્યું છે.**

**ब्रह्मार्पणं ब्रह्महविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् |**

**ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना || થી આરંભીને**

**श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परन्तपः |**

**सर्वं कर्माखिलं पार्थं ज्ञाने परिसमाप्यते || દ્વારા ભગવાન જ વિભિન્ન યજ્ઞસ્વરૂપો દ્વારા સર્વ યજ્ઞાત્મકતા રૂપનું પ્રતિપાદન કરે છે. વળી શ્રીમદ્ભાગવતમાં બ્રહ્માજી નું વાક્ય –**

**यदास्य नाभ्यान्नलिनादहमासं महात्मनः |नाविदं यज्ञसम्भारान्पुरुषावयवादृते ||**

**उपनिषत्:**

**'उपनिषत्' શબ્દ નું નિર્વચન કરતાં મહાપ્રભુ શ્રીવલ્લાભાચાર્ય "सैषा हि उपनिषत् ब्राह्मी" (भाग. पु. १०|८४|३) ની સુબોધિનીમાં લખે છે –**

**इयम् उपनिषत् ब्रह्मविद्याप्रतिपादिका श्रुतिः. ब्राह्मी ब्रह्मणैव प्रतिपादिता... 'उपनिषच्'छब्देन च ब्रह्मविद्या निरूप्यते. "उपोपसर्गः सामीप्ये तत् प्रतीचि समाप्यते, त्रिविधस्य षदर्थस्य निःशब्दोऽपि विशेषणम्". "षद्लृ विशरण-गत्यवसादनेषु" इत्यनुशासनात् जीवात्मानं परब्रह्मनयनार्थं पूर्वभावाद् विशीर्णं कृत्वा ततः संघातात् केवलम् उद्धृत्य ब्रह्म प्रापयित्वा तत्रैव तम् अवसादयति इति. यथा सर्वोऽपि अंशो विशीर्णो भवति, यथा वा सर्वभावेन तं प्राप्नोति; यथा वा कदाचिदपि ततो न निवर्तते स 'नि' शब्दार्थः. एताद्रशी ब्रह्मविद्यैव भवति...अतः सर्व सन्देहाः उपनिषदर्थविचारेणैव निराकर्तव्या इति सिद्धान्तः उक्तः"**

**આ ઉપનિષદ બ્રહ્મવિદ્યાની પ્રતિપાદન કરવાવાળી શ્રુતિ છે. બ્રહ્મે જ આનું પ્રતિપાદન કર્યું છે. "उपनिषत्" શબ્દથી બ્રહ્મવિદ્યા જ કહેવાયેલી છે. "उप" ઉપસર્ગનો અર્થ 'સામીપ્ય' થાય છે. 'कश्चिद् धीरः प्रत्यगात्मानमैक्षत्" શ્રુતિનાં અનુસાર આનો અર્થ અંતર્યામી (પ્રત્યગાત્મા) નું સામીપ્ય થાય છે.**

**'षद्' ધાતુનાં ત્રણ અર્થો થાય છે : વિશરણ, ગતિ અને અવસાદન. 'उपनिषद्' માં પ્રયુક્ત 'नि' (नितराम्) આનો વિશેષણ છે. તેથી ઉપનિષદ તે છે જે 'જીવાત્મા' ને પરબ્રહ્મની પાસે લઇ જવા માટે તેની પૂર્વસ્થિતિ (દેહભાવ) થી અલગ કરીને, દેહ આદિ સંઘાતમાંથી અલગ કરીને માત્ર તેનો જ ઉદ્ધાર કરીને, પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવીને તેમાં જીવાત્માનો લય કરાવે છે.**

**વેદ - આદિ શાસ્ત્રોનો પ્રયોજન:**

**“रूपप्रपञ्चकारणाद् आसक्तस्वांशवारणे, श्रुतिम् आत्मप्रसादाय चकारात्मानमेव सः” (तत्वा. नि. सर्व. नि. प्र. १९)**

**રૂપપ્રપંચને પ્રકટ કર્યા બાદ જ્યારે ભગવદ અંશ – જીવ તેમાં આસક્ત થવા લાગ્યા ત્યારે તેમની આસક્તિને રૂપપ્રપંચમાંથી હટાવવા માટે સૃષ્ટિકર્તાએ પોતાને શ્રુતિ રૂપમાં પ્રકટ કર્યા.**

**<u>વેદ - વેદાંતની એકવાક્યતા:</u>**

**“સંપૂર્ણ વેદ એક એવું મહાવાક્ય છે કે જેનો મહાવાક્યાર્થ એકમાત્ર સ્વયં ભગવાન શ્રીહરિ છે. વેદમાં જે અવાંતરવાક્ય છે, અથવા જે પદ અને વર્ણ છે, તે બધા જ ભગવાનનાં નાના - મોટા અંશોના વાચક નાના - મોટા અંશ - રૂપ શબ્દ છે. તેમને કેવળ તાત્પર્યવૃત્તિ અથવા પર્યવસાન વૃત્તિ દ્વારા ભગવદ્વાચક માની લેવાની ભૂલ ન કરવી જોઈએ; પરંતુ શક્તિ - સંકોચવશ જ આ અન્ય અન્ય અર્થોના વાચક બને છે, તે પણ તેથી કેમકે સ્વયં પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણે જ પોતાની સત્તા ચેતના અને આનંદરૂપતાને લીલાર્થ અનેક વિધ નામ – રૂપ - કર્મોમાં સંકુચિત કર્યા છે. વૈદિક વાક્ય, વૈદિક પદ અને વૈદિક વર્ણો લૌકિક વર્ણ – પદ - વાક્યોથી ભિન્ન જ હોય છે. (તત્વ. દી. નિ. ૨|૧૬૦)**

**સંપૂર્ણ વેદ એક એવું મહાવાક્ય છે જેનો મહાવાક્યાર્થ સ્વયં બ્રહ્મ જ છે – “वेदैश्च सर्वैरहमेव वेद्यः” અને “मां विधत्तेऽभिधत्ते मां विकल्प्यापोह्यते ह्यहम् एतावान् सर्ववेदार्थो”**

**<u>વેદ અને વેદાન્ત નો તાદાત્મ્ય:</u>**

| | પૂર્વ-મિમાંસકો (કબંધ મિમાંસકો) (શ્રીપ્રભાકર/ભટ્ટ મત) | વેદાન્તીઓ (શ્રીશાંકર મત) (રાહુ વેદાન્તીઓ) | શ્રીરામાનુજ મત | શ્રીવાલ્લભ મત |
|---|---|---|---|---|
| શાસ્ત્રાર્થ | સમગ્ર વેદનું પ્રયોજન માત્ર કર્મ માંજ છે. અન્ય સર્વ *અર્થવાદ માત્ર છે. તેથી વેદ = કર્મ કાંડ | સમગ્ર વેદ નું પ્રયોજન માત્ર જ્ઞાન (વેદાંત) માંજ છે. અન્ય સર્વ સંસાર પ્રાપ્ત કરાવે છે. | કર્મ અને જ્ઞાન કાંડ એકજ શાસ્ત્ર છે. | કર્મકાંડ માં બ્રહ્મ ની કર્મ શક્તિ અને જ્ઞાનકાંડ માં બ્રહ્મની જ્ઞાન શક્તિ નું વર્ણન છે. બન્ને એક જ શાસ્ત્ર છે અંદ પરસ્પર ઉપકારક છે. |
| જીજ્ઞાસા નો ક્રમ | માત્ર ધર્મજીજ્ઞાસા જ થવી જોઈએ | માત્ર બ્રહ્મજીજ્ઞાસા જ થવી જોઈએ | પ્રથમ ધર્મજીજ્ઞાસા અને પછી બ્રહ્મજીજ્ઞાસા | ક્રમ અનપેક્ષિત છે. અધિકારી પ્રમાણે ક્રમ નિયત થશે. |
| અધ્યાપન વિધિ | અધ્યાપન વિધિના કારણે વેદ અધ્યયનનો આરંભ – મિશ્ર<br>અધ્યયન વિધિના કારણે વેદ અધ્યયનનો આરંભ – ભટ્ટ | | | |

**तस्मा॑द्य॒ज्ञात्स॑र्व॒हुत॑ः । ऋच॒ः सामा॑नि जज्ञिरे ।**

**छन्दा॑ꣳसि जज्ञिरे॒ तस्मा॑त् । यजु॒स्तस्मा॑दजायत । १०**

**दशमी ऋक्**

**तस्मात् | यज्ञात् | सर्वहुतः | ऋचः | सामानि | जज्ञिरे | तस्मात् | यजुः | तस्मात् | अजायत |**

**સર્વસ્વ દાન કરવાવાળા (યજ્ઞ કરવાવાળા પુરુષ) એ પુરુષમાંથી ઋચાઓ અને સામ પ્રગટ થયા. તેમાંથી છંદ પ્રકટ થયા અને તેમાંથી યજુષની ઉત્પત્તિ થઇ.**

**ऋक् - શ્લોકબદ્ધ અને આખ્યાયિકા પ્રચુર હોય છે. હોત્રકર્મમાં ઉપયોગી હોવાના કારણે ત્યાં 'હોતા' સ્વયમ ઋગ્વેદ જ બન્યો. साम - ઉદ્ગીથ પ્રચુર હોય છે. વેદમંત્રોનાં ઉદ્ગાન માટે ઉદ્ગાતા પણ અહિયાં સ્વયમ સામવેદ જ બન્યો.**

**यजुष् - સમગ્ર યાજનાર્થે મંત્ર રૂપ હોય છે. યજ્ઞકર્મ કરવામાં યજુર્વેદ સ્વયમ અધ્વર્યુ બન્યો.**

**આમ ऋक्, साम અને यजुष् આ ત્રણ વેદો હોતા, ઉદ્ગાતા અને અધ્વર્યુ ક્રમ પ્રમાણે ઋત્વિજ બન્યા.**

| **ऋक् मन्त्र** | |
|---|---|
| **सहस्रशीर्षा पुरुषः । सहस्राक्षः सहस्रपात् ।**<br>**स भूमिं विश्वतो वृत्वा ।**<br>**अत्यतिष्ठद्दशाङ्गुलम् । १** | |
| **पुरुष एवेदꣳ सर्वम् । यद्भूतं यच्च भव्यम् ।**<br>**उतामृतत्वस्येशानः । यदन्नेनातिरोहति । २** | **द्वितीयया चास्य विष्णोः कालतो व्याप्तिरुच्यते**<br>**વિષ્ણુની કાલતઃ અપરીછીન્નતા**<br>**સંકર્ષણ વ્યૂહ ?** |
| **एतावानस्य महिमा । अतो ज्यायाꣳश्च पूरुषः ।**<br>**पादोऽस्य विश्वा भूतानि । त्रिपादस्यामृतं दिवि । ३** | **विष्णोर्मोक्षप्रदत्वं च कथितं तु तृतीयया**<br>**एतावानिति मन्त्रेण वैभवं कथितं हरेः**<br>**વિષ્ણુની મોક્ષ-પ્રદાતૃત્વ નું વર્ણન.**<br>**તેમનાં વૈભવ (માહાત્મ્ય) નું વિશેષ વર્ણન.**<br>**વાસુદેવ વ્યૂહ ?** |

त्रिपादूर्ध्व उदैत्पुरुषः । पादोऽस्येहाऽऽभवात्पुनः ।

ततो विश्वङ्व्यक्रामत् । साशनानशने अभि । ४

एतेनैव च मन्त्रेण चतुर्व्यूहो विभाषितः ।

त्रिपादित्यनया प्रोक्तमनिरुद्धस्य वैभवम् ॥ ४॥

ચાર મંત્રોથી વિષ્ણુનાં ચતુર્વ્યૂહનું વર્ણન કરવામાં આવ્યું.

આ મંત્રમાં વિષ્ણુનાં અનિરુદ્ધ-વ્યૂહનું વર્ણન.

तस्माद्विराडजायत । विराजो अधि पूरुषः ।

स जातो अत्यरिच्यत । पश्चाद्भूमिमथो पुरः । ५

तस्माद्विराडित्यनया पादनारायणाद्धरेः ।

प्रकृतेः पुरुषस्यापि समुत्पत्तिः प्रदर्शिता ॥ ५॥

નારાયણમાંથી મૂળ-પ્રકૃતિ અને સમષ્ટિ પુરુષની ઉત્પત્તિનું વર્ણન.

यत्पुरुषेण हविषा । देवा यज्ञमतन्वत ।

वसन्तो अस्यासीदाज्यम् । ग्रीष्म इध्मः शरद्धविः । ६

यत्पुरुषेणेत्यनया सृष्टियज्ञः समीरितः ।

જેવી રીતે યજ્ઞમાં દેવતા, યજમાન અને હવિ હોય છે, તેમ સમસ્ત સૃષ્ટિ યજ્ઞ છે

सप्तास्यासन्परिधयः । त्रिः सप्त समिधः कृताः ।

देवा यद्यज्ञं तन्वानाः । अबध्नन्पुरुषं पशुम् । ७

सप्तास्यासन्परिधयः समिधश्च समीरिताः ॥ ६॥

તે પોતે દેવતા, હવિ, યજમાન અને યજ્ઞ - બલિ બન્યો છે

तं यज्ञं बर्हिषि प्रौक्षन् । पुरुषं जातमग्रतः ।

तेन देवा अयजन्त । साध्या ऋषयश्च ये । ८

तं यज्ञमिति मन्त्रेण सृष्टियज्ञः समीरितः ।

अनेनैव च मन्त्रेण मोक्षश्च समुदीरितः ॥ ७॥

સમસ્ત સૃષ્ટિની યજ્ઞ - રૂપતા છે અને મોક્ષ નું વર્ણન.

| | |
|---|---|
| तस्माद्यज्ञात्सर्वहुतः । संभृतं पृषदाज्यम् ।<br>पशूꣳस्ताꣳश्चक्रे वायव्यान् ।<br>आरण्यान्ग्राम्याश्च ये । ९ | तस्मादिति च मन्त्रेण जगत्सृष्टिः समीरिता ।<br>યજ્ઞ માંથી જગત - સૃષ્ટિની ઉત્પત્તિ |
| तस्माद्यज्ञात्सर्वहुतः । ऋचः सामानि जज्ञिरे ।<br>छन्दाꣳसि जज्ञिरे तस्मात् ।<br>यजुस्तस्मादजायत । १० | યજ્ઞ માંથી ऋक्, यजुः, अथर्व, साम વેદોની ઉત્પત્તિ. છંદો ઇત્યાદિની ઉત્પત્તિ |
| तस्मादश्वा अजायन्त । ये के चोभयादतः ।<br>गावो ह जज्ञिरे तस्मात् । तस्माज्जाता अजावयः । ११ | યજ્ઞમાંથી સર્વ પ્રાણી - જીવ સૃષ્ટી અને તેના પછી સ્થાવર – જંગમ સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન |
| यत्पुरुषं व्यदधुः । कतिधा व्यकल्पयन् ।<br>मुखं किमस्य कौ बाहू । कावूरू पादावुच्येते । १२ | વિરાટ પુરુષનાં અવયવોની બ્રહ્માંડ રૂપતાનું વર્ણન. મુખ, બાહુ, ઉરૂ, પાદ ઇત્યાદિનું વર્ણન. |
| ब्राह्मणोऽस्य मुखमासीत् । बाहू राजन्यः कृतः ।<br>ऊरू तदस्य यद्वैश्यः । पद्भ्याꣳ शूद्रो अजायत । १३ | વર્ણોની પુરુષ – રૂપતા. બ્રાહ્મણની મુખ, ક્ષત્રીયની બાહુ રૂપતા, વૈશ્યોની ઉરૂ રૂપતા, શુદ્રોની પાદરૂપતાનું વર્ણન. |

| | |
|---|---|
| चन्द्रमा मनसो जातः । चक्षोः सूर्यो अजायत ।<br><br>मुखादिन्द्रश्चाग्निश्च । प्राणाद्वायुरजायत । १४ | ચંદ્રની પુરુષનાં મનમાંથી, સૂર્યની ચક્ષુ, ઇન્દ્ર અને અગ્નિની મુખ, વાયુની પ્રાણમાંથી ઉત્પત્તિ. |
| नाभ्या आसीदन्तरिक्षम् । शीर्ष्णो द्यौः समवर्तत ।<br><br>पद्भ्यां भूमिर्दिशः श्रोत्रात् । तथा लोकाः अकल्पयन् । १५ | અંતરીક્ષની નાભીમાંથી, દ્યુ - મંડળની શિશ્નમાંથી, દિશાઓની શ્રવનેન્દ્રીયમાંથી, ભૂ - લોકની પાદમાંથી ઉત્પત્તિ. |
| वेदाहमेतं पुरुषं महान्तम् । आदित्यवर्णं तमसस्तु पारे ।<br><br>सर्वाणि रूपाणि विचित्य धीरः । नामानि कृत्वाऽभिवदन् यदास्ते । १६ | આદિત્ય વર્ણ – પરમ પુરુષનાં વૈભવનું વર્ણન |

અમંત્રક વૈદિક કર્મો નિષેધ હોવાનાં કારણે તંત્રમાં જે સ્નાપન વિધિ છે તે પણ સમંત્રક કરવામાં આવે છે અને તેથી ત્યાં માત્ર શાબ્દિક સંબંધને ધ્યાન માં લઇ ને તત – તત વૈદિક મંત્રો બોલવામાં આવે છે. માત્ર શબ્દનું જ અનુસંધાન હોવાનાં કારણે મંત્રોનો અર્થ જુદો હોય છે અને તેથી જે સ્નાપન વિધિમાં આવતા શબ્દો છે તેનો મંત્રમાં આવતા શબ્દોનો કોઈ પણ આર્થિક સંબંધ નથી.

| પંચામૃત | વૈદિક મંત્ર (માત્ર ઉપનીતો નોજ અધિકાર) | યજ્ઞ સંબંધિત અર્થ | પુષ્ટિમાર્ગીય ભાવના |
|---|---|---|---|

| | | |
|---|---|---|
| દૂધ | दधामि हविषा घृतेन । पयस्वतीरोषध<br>पयस्वद्वीरुधां पयः । अपां पयसो<br>स्तेन मामिन्द्र सꣳ सृज । अग्ने व्रतप<br><br>**દર્શપૂર્ણમાસ યજ્ઞ નાં અંગ-ભૂત મંત્રો (તૈત્તિ. સંહિ. ૧\|૫\|૧૦)** | **બ્રહ્મ જ સર્વનાં સાર રૂપ છે. આ ભાવના સાથે આ મંત્રનો અર્થ -**<br><br>**જે વનસ્પતિ લતાઓનાં સાર રૂપ જે પયસ્ (રસ ) નીકળે છે તે જેમ સાર-વત હોય છે અને જે ગૌ આદિ માંથી દુગ્ધ નીકળે છે તે જેમ સાર-વત છે તેમ મને પણ હે ઇન્દ્ર (બ્રહ્મ)! સર્વસારથી મને સંયોજિત કરો!** |
| દહીં | **दधिक्राव्णो अकारिषं जिष्णोरश्वस्य वाजिनः \| सुरभि नो मुखा करत्प्राण आयूषि तारिषत् \| (तैत्ति. संहि. १\|५\|११)** | **બ્રહ્મ જ યજ્ઞનાં મૂળ ભોક્તા છે. આ ભાવના સાથે આ મંત્ર નો અર્થ -**<br><br>**દધિક્રાવા નામક કોઈ દેવ વિશેષ જેને દધિ પ્રિય છે. અથવા તે અગ્નિનું નામ છે જે યજ્ઞનાં હવીનાં ભોક્તા છે. જે જયશીલ છે, જે સર્વ વ્યાપિ , જેની અશ્વ ગતિ છે. આ દેવ અમારા મુખોને સુગંધિત કરે અને અમારા આયુષ્યને પણ વધારે.** |

| | | |
|---|---|---|
| મધ | मधु वाता ऋतायते मधु क्षरन्ति सिन्धवः माध्वीर्न: संत्वोषधि: मधुनक्तमुतोषसि मधुमत् पार्थिव रजः | आदित्यो वै दैव मधु - બ્રહ્મ જ સર્વનો મધુ છે. અમૃત છે. જ્યોતિ છે.<br>કર્મ અને જ્ઞાન યોગરૂપી સાધનામાં સર્વ અનુકુળ રહે તેવી પ્રાર્થના પરમ બ્રહ્મને કરતાં કહે છે કે સર્વ પ્રાકૃતિક પદાર્થો યજ્ઞમાં અનુકુળ રહે. વાયુની અનુકુળતા (રોગ ઉત્પત્તિ નાં નિવારણ અર્થે), જળની અનુકુળતા (આરોગ્ય પ્રદ રહે), ઔષધીની અનુકુળતા (પથ્યરૂપ થાય), રાત્રિ, પ્રભાતની અનુકુળતા (કાલકૃત દોષો નું નિવારણ), પૃથ્વીની અનુકુળતા ( કંટક, પાષાણ આદિ રહિત રહે), પિતા (द्यौ: पिता पृथिवी माता) (દ્યોની અનુકુળતા – અતિવૃષ્ટિ આદિ પ્રતિકૂળતા ના રહે), વનસ્પતિ, ફળ, પુષ્પ, સૂર્ય, ગૌ, સર્વ અનુકુળ રહે તેવી પ્રાર્થના. |

| | | |
|---|---|---|
| ઘૃત (ઘી) | घृतं मिमिक्षिरे घृतमस्य योनिर्घृते श्रितो घृतमुवस्य धाम \| अमुष्वधमावह मादयस्व स्वाहाकृतं वृषभ वक्षि हव्यम्\|\| | "ઘૃત" શબ્દનો અર્થ – घृ क्षरण दीप्त्योरीति धतोरुत्पन्नो घृत शब्दः - બ્રહ્મ જ ઘૃત છે. સ્વપ્રકાશ છે. આ ભાવના સાથે આ મંત્રનો અર્થ -<br>યાગ આદિ કર્મ હેતુ અગ્નિની અનુકુળતાની પ્રાર્થના આ મંત્ર દ્વારા કરવામાં આવે છે. આ મંત્ર પહેલા યજમાન આહવનીય આદિ પંચ અગ્નિ રૂપોમાં આ મંત્ર દ્વારા પ્રાર્થના કરે છે. मिह सेचन ધાતુ દ્વારા અર્થ થાય છે કે જેમ ઘૃતથી અગ્નિ પ્રકટ થાય છે, અગ્નિની અભિવૃદ્ધિ કરે છે અને ઘૃત જ તેનું તેજ છે. તેથી ઘૃતની બ્રહ્મ તરીકે ઉપાસના કરીને આ હોમ કરીશું |
| શુક્ર(બુરું) | शुक्रमसि ज्योतिरसि तेजोऽसि देवो वः सवितोत्पुनात्व्च्छिद्रेण पवित्रेण वसोः सूर्यस्य रश्मिभि: शुक्रं त्वा शुक्रायां धाम्ने धाम्ने देवेभ्यो यजुषेयजुषे गृहणामि ज्योतिस्त्वा ज्योतिष्यर्चिस्त्वार्चिषि धाम्ने धाम्ने देवेभ्यो यजुषेयजुषे गृहणामि | |
| શુદ્ધ જળ | | |

**References:**

२श्रीश्याममनोहर गोस्वामी कृत पुरुषसूक्ततात्पर्य-सुचनिका

१श्रीसत्याभिनवतीर्थ कृत पुरुषसूक्तार्थः

**3 पुरुषसूक्तभाष्यपरिष्कारः**

# શું ભગવાન નિર્દય છે?

श्रीकृष्णाय नमः | साकारब्रह्मवादस्थापकेभ्यः श्रीमदाचार्येभ्यो नमः|

यत्र येन यतो यस्य यस्मै यद्यद्यथा यदा

स्यादिदं भगवान साक्षात् प्रधानपुरुषेश्वरः ||१||

सर्गादौ स्वमतं समस्य विधये यं ब्रह्मवादं जगौ

कौन्तेयोद्भवयोः प्राकाश्य च पुनर्वेदान्तसारं हरिः

तानाचार्यवरान्नमामि करुणान् श्रीवल्लभाख्यान् प्रभुन् ||

**વિષય અને સંશય:**

**ઈશ્વર અને અનીશ્વરવાદીઓ વચ્ચે એક ખુબજ** ગંભીર **ચર્ચાનો વિષય ચાલતો રહ્યો છે કે – જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયમાં ઈશ્વરની આવશ્યકતા છે કે નહી ? જો હોય તો કયા હેતુ અર્થે ઈશ્વર જગતની રચના કરે છે ? જો ઈશ્વર સહેતુક જગતની રચના કરતો હોય તો ઈશ્વરનાં આપ્તકામત્વ (Self-sufficient) નો ભંગ થાય અને તેનામાં ઇયત્તા આવવાનાં કારણે તે ઈશ્વર જ નહી રહી જાય. જો નિર્હેતુક જગતની રચના કરતો હોય તો તે કોઈ Random Phenomena થશે અને તેમ કરવામાં ઈશ્વરમાં નિર્હેતુક કાર્ય કરવારૂપી ક્ષતિ પ્રાપ્ત થશે અને તેના કારણે ઈશ્વરને Chaotic Phenomena – અરાજક** તત્વ **કહેવો પડશે. કારણ કોઈ પણ રહે પણ જો ઈશ્વર જગતનો કર્તા હોય (સહેતુક અથવા નિર્હેતુક) તો એક મોટો બાધ આવે છે તેનાં સર્વશુભ હોવાના ગુણ ઉપર અને તે છે - તેણે આ સૃષ્ટિ વિષમ અને સુખ / દુખાત્મક કેમ બનાવી ? અર્થાત કોઈકને સુખી અને કોઈકને દુખી, કોઈકને ધનવાન અને કોઈકને નિર્ધન, કોઈને બુદ્ધિવાન અને કોઈ**ને **બુદ્ધિહીન કેમ બનાવ્યા ? જો આ સૃષ્ટિમાં વિષમતા તેણે જીવોનાં પરીક્ષાર્થ કરેલી હોય તો તેની સર્વજ્ઞતા (Omniscience) નો બાધ થશે. પ્રલયનાં કર્તા હોવાનાં કારણે ઈશ્વર પર નિર્દય હોવાનો પણ દોષ પ્રાપ્ત થશે. ઈશ્વર સર્વસામર્થ્ય અને સર્વકર્તા હોવાનાં કારણે વ્યક્તિ** સ્વતંત્રતા **કેટલી માની શકાય ? શું સમગ્ર જડ / જીવાત્મક જગત ઈશ્વરની એક કઠપુતળી માત્ર જ છે ? તેમ હોય તો જીવોનાં કર્મોનું શું મહત્વ અને તે કર્મો કેટલા અંશે જીવનાં સુખ / દુઃખ માટે જવાબદાર છે ? જો ઈશ્વર સર્વકર્તા અને સર્વનાં પ્રેરણાનાં સ્રોત હોય તો પાપ અને પુણ્ય પણ ઈશ્વરની જ કૃતિ ગણાશે અને તેથી સમાજમાં અપરાધનો દર વધશે અને અરાજકતા વધશે. આવી સ્થિતિ અનીશ્વરવાદને ગ્રહણ કરવામાં પણ પ્રાપ્ત થશે કારણ કે નિયમન કરનાર તત્વ, નિશ્રેયસ અને પાપ - પુણ્યનાં ફળનાં અભાવનાં કારણે સમાજમાં ચાર્વાકી માનસિકતા પ્રબળ બનશે. આ વિષે સનાતન વૈદિક શાસ્ત્રોનો અભિપ્રાય શું છે તેની છણાવટ કરવાનો ઉદ્દેશ્ય આ લેખનો છે.**

**સિદ્ધાંત:**

**ભૌતિકવાદ:**

**ભૌતિકવાદમાં આત્મા અને દેહને ભિન્ન નથી માનવામાં આવતા. આત્મા એ જ દેહ એ જ આત્મા હોય છે. આ વાદને દેહાત્મવાદ પણ કેહવામાં આવે છે. ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ આદિ શાસ્ત્રોમાં આવા વાદને આસુરી વાદ કહેવામાં આવ્યો છે. છાન્દોગ્યોપનીષદમાં ઇન્દ્ર, વિરોચન અને પ્રજાપતિનાં સંવાદમાં દેહાત્મવાદ સમજી શકાય છે. જ્યારે વિરોચન આસુરી હોવાના કારણે પ્રજાપતિએ આપેલ જ્ઞાનને અન્યથા સમજવાનાં કારણે તેણે દેહ એ જ આત્મા તેમ સમજી સમગ્ર આસુરી સૃષ્ટિને આવો ઉપદેશ આપ્યો.**

**ઇન્દ્ર અને વિરોચન – એમ બે જણાએ આત્મજ્ઞાન મેળવવા માટે આચાર્ય પ્રજાપતિ પાસે આવ્યા. કઠોર બ્રહ્મચર્ય પાળવ્યા બાદ બન્નેને પ્રજાપતિએ જ્ઞાન આપ્યું અને કહ્યું – य एषोऽक्षिणि पुरुषो द्रश्यत एष आत्मेति (આ આંખમાં જે પુરુષ દેખાય છે તે આત્મા છે અને તે જ અમર, નીડર અને એ જ બ્રહ્મ છે). ત્યારે તે** બંને **જણા અજ્ઞાની હોવાથી એમ સમજ્યા કે આંખમાં જે પ્રતિબિંબ દેખાય છે, એ જ આત્મા છે. તેથી પ્રજાપતિ એ બન્નેને પાણીથી ભરેલા કુંડામાં જોવાનું કહ્યું અને ત્યારે પ્રજાપતિએ બન્નેને પૂછ્યું કે તેઓ શું** જુએ **છે – ત્યારે બન્નેએ કહ્યું તે તેઓ પોતાનું પ્રતિબિંબ જ** જુએ **છે. ત્યારે પ્રજાપતિ એ કહ્યું – તે જ આત્મા છે, તે જ અમર નીડર અને બ્રહ્મ છે. ઇન્દ્ર દૈવી હોવાનાં કારણે તેમણે વધુ સમજવા આચાર્ય પાસે પાછા આવ્યા પણ વિરોચન આસુરી હોવાનાં કારણે તે એમ સમજ્યો કે – દેહ જ આત્મા છે અને તેને જાણવાથી સર્વ પ્રાપ્ત થશે. આમ દેહાત્મવાદ અથવા ભૌતિકવાદ નિકૃષ્ટકોટીનો વાદ છે. તેથી આ આસુરી સિદ્ધાંત છે. ચાર્વાક, આધુનિક વિજ્ઞાન આ વાદમાં માનનારા છે.**

**છાન્દોયોપનીષદ (૪-૧૫-૧) નાં ઉપકોસલ અને આચાર્ય સત્યકામ વચ્ચે જે સંવાદ થયો તેમાં આચાર્યએ ઉપકોસલને બ્રહ્મવાદનો ઉપદેશ - य एषोऽक्षिणि पुरुषो द्रश्यत एष आत्मेति દ્વારા આપ્યો. તેનો આશય બ્રહ્મવાદ સમજાવવાનો છે – શૃંગગ્રાહિકાવૃત્તિ (Verification by denotation) દ્વારા तत्वम् असि, अहं ब्रह्मास्मि નો સિદ્ધાંત સમજાવવાનો છે. સર્વ નામ, રૂપ અને કર્મ તે બ્રહ્મનાં જ રૂપો છે. તે બ્રહ્મ જ સર્વ કંઈ થયો છે. તે બહાર અને અંદર બન્ને વિદ્યમાન છે. જીવાત્માની અંદર પરમાત્મારૂપથી વિદ્યમાન છે – य आत्मनि तिष्ठन् य आत्मानं अन्तरो यमयति यस्य आत्मा शरीरीं... ન્યાય દ્વારા. બ્રહ્મ વ્યાપક છે, સર્વગત છે, सर्वतः पाणिपादान्त છે, આનંદમૂર્તિ છે. આ બધા ઉપરાંત આંખ જેવા સ્વલ્પ સ્થાનમાં પણ એની સ્થિતિ છે. આ ઉપદેશ Verbal ન હોઈ ને Realization નો છે. આમ અહિયાં બ્રહ્મવાદ આપવાનો આશય છે.**

**સૃષ્ટિનો કર્તા ઈશ્વર છે તેની સામે આસુરીજીવો અને Modern Science જગતને કોઈક આકસ્મિક અથવા સ્વાભાવિક ઘટના માને છે.**

**જો આ જગતને રચવામાં ઈશ્વરીય ચેતન** તત્વ **ન માનવામાં આવે તો નીચે પ્રમાણે દુષણો પ્રાપ્ત થાય છે –**

**૧. દ્રશ્યમાન જગત એક વ્યવસ્થિત રચના જણાય છે. રચનાની વ્યાખ્યા - बुद्धिपूर्वकचेतनक्रियाजन्यसंस्थानविशेषः इति रचना (A well Thought, Intelligent and Systematic organized structure designed by a conscious phenomena) – જે બુદ્ધિપૂર્વક, ચેતન ક્રિયાજન્ય સંસ્થાન વિશેષ કૃતિ તેને રચના કેહવાય. જગતમાં એક પ્રકારની System જણાય છે. ૧૪ – લોક ની , જડ અને ચેતન સૃષ્ટિઓનું પૃથકત્વ ઈત્યાદી ઉપરથી અનુમાન થઇ શકે છે કે આ જગતની રચના માટે ઈશ્વરીય ચેતનાની આવશ્યકતા છે.**

**૨. સૃષ્ટિને માત્ર જડનું પરિણામ માત્ર માનવામાં પણ દુષણ છે. દૂધ જેમ આપમેળે દહીંમાં** પરીણીમિત **થાય છે તેમ જો જગત - જડનું કોઈક પરિણામ હોય તો જેમ સમગ્ર દૂધ દહીંમાં** પરીણીમિત **થાય છે તેમ ચૌદ - લોક, જડ - ચેતનનો ભેદ ઈત્યાદિ જે વ્યવસ્થાઓ જણાય છે તે શક્ય નથી. સર્વનો સંશ્લેષ (ભેળસેળ) થવાનો પણ પ્રસંગ પ્રાપ્ત થાય છે. લોકમાં જ્યાં જ્યાં પરિણતત્વ છે ત્યાં ત્યાં સંશ્લેષ પણ જણાય છે. તેથી જ્યાં સંશ્લેષ હોય છે ત્યાં રચિતત્વ હોતું નથી. ઉત્પત્તિ અને લયનો જે વ્યવસ્થિત ચક્ર ચાલતો દેખાય છે તે રચનામાં જ શક્ય છે.**

૩. જો જડ તત્વને Systematic Phenomena માનવામાં આવે (तुष्यतु दुर्जन न्यायेन), તો પણ તે પ્રશ્ન તો ઉપસ્થિત થશે જ કે આ વ્યવસ્થાને બનાવનાર કોઈક ચેતન તત્ત્વ તો હોવું જોઈએ.

૪. જો કહો કે પિતાનાં જડ શુક્રાણુઓ અને માતાનાં જડ અંડ દ્વારા ચેતન પુત્ર / પુત્રી ઉત્પન્ન થઇ શકે છે તો જડ માંથી ચેતન સૃષ્ટિ કેમ નહી ? આ પૂર્વપક્ષ નું નિરાકરણ એ છે કે – ચેતન પિતા અને ચેતન માતાની વિશેષ પ્રવૃત્તિ દ્વારા આ શક્ય છે અને તેથી ચેતન તત્વની જરૂર તો રહે જ છે. વેદમાં ચતુર્વિધ સૃષ્ટિ નું વર્ણન કરવામાં આવ્યું છે – જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભીજ્. તેમ આ ચેતન સૃષ્ટિ માત્ર જડમાત્રનું કાર્ય હોય તેની તો અસંભવના જ રહે છે. (ब्रह्मसूत्र – रचनानुपत्तेः इति अधिकरणम्)

**અધ્યાત્મવાદ:**

અધ્યાત્મવાદમાં શરીર અને આત્માને ભિન્ન માનવામાં આવે છે પણ દેવ / ઈશ્વર તત્ત્વને માનવામાં નથી આવતું. જીવનો ઉદ્ધાર પોતાના આત્મા દ્વારા જ કરવામાં આવે છે. અહંતા / મમતાનાં નાશ દ્વારા નિત્ય અને અનિત્ય વસ્તુઓનો વિવેક સિદ્ધ કરવો અને સ્વરૂપસ્થ થવું તે જ મુખ્ય ઉદ્દેશ્ય રહે છે. સ્વરુપસ્થની સ્થિતિને નિર્વાણ / મુક્તિ કેહવામાં આવે છે (अत्ता हि अत्तनो गति अत्ता हि अत्तनो नाथ) . તેથી આત્મા જ આત્માની ગતિ છે, આત્મા જ આત્માનો નાથ છે, આત્મા જ આત્માનો ઉદ્ધાર કરશે અને તેથી ઈશ્વરની આવશ્યકતા માનવામાં આવતી નથી. સાંખ્ય - યોગ માર્ગ, બૌદ્ધ / જૈન વાદમાં આમ માનવામાં આવે છે.

**બહુદેવતાવાદ / દેવવાદ:**

સૃષ્ટિ રચના કોઈક ઈશ્વરીય તત્વ દ્વારા થઇ છે અને શરીર - આત્મા ભિન્ન છે તેમ દેવવાદ માને છે. દેવતાવાદ - આ ઈશ્વરીય તત્વ કોઈક એક તત્વને નહી પરંતુ બહુદેવતાઓ દ્વારા થઇ હોવાનું માને છે. દેવતાવાદમાં અભિન્ન - નિમીત્તોપાદાનવાદને ગ્રહણ નથી કરવામાં આવતો. બહુ - દેવતાઓ સૃષ્ટીની ઉત્પત્તિ, પાલન અને લય કરે છે. પરંતુ તેઓ જગતનું ઉપાદાન - કારણ નથી બનતા. તેથી આ વાદમાં ઘણા દુષણો, સંશયો અને દોષો પ્રાપ્ત થાય છે. આ સર્વ દેવતાઓ સર્વ - શક્તિમાન હોવાના કારણે સૃષ્ટિમાં અરાજકતા પ્રાપ્ત થવાનો પ્રથમ દુષણ ! પોતે ઉપાદાન - કારણ ન બનવાનાં કારણે આ સૃષ્ટિનાં ઉત્પત્તિ પૂર્વે અને લય બાદ અભાવ (પ્રાગભાવ અને પ્રધ્વન્સાભાવ) રૂપી દુષણ પ્રાપ્ત થાય છે અને તેથી આત્યંતિક - દ્વૈત પ્રાપ્ત થાય છે. ભગવદ - ગીતામાં – नाऽसतो विद्यते भावो नाऽभावो विद्यते सतः અને कथं असतः सद् जायेत નો પણ બાધ થાય છે. – કેમકે અભાવમાંથી વસ્તુની ઉત્પત્તિ કેવી રીતે શક્ય છે ! !. વેદનાં "एकमेवाद्वितियं ब्रह्म", "एकोऽहं बहुस्यां प्रजायेय", "एकविज्ञानेन सर्वविज्ञातं भवति', "सर्वं खल्विदं ब्रह्म", "ऐतदाम्यमिदं सर्वं", "एकं सद् विप्रा बहुधा वदन्ति", "वाचारम्भणं विकारो मृतिका इत्येव सत्यम्" વગેરે શ્રુતિઓનો બાધ આવે છે. વેદના સંહિતા ભાગમાં વિષ્ણુ, ઇન્દ્ર, વરુણ, અગ્નિ, સોમ, વાયુ, મિત્ર, માતરિશ્વા આદિ અનેક દેવતાઓને સર્વ - શક્તિમાન કહ્યા છે. તેથી સામાન્ય વાચક વર્ગને (Max-Muller આદિ) તેમ ભ્રાંતિ થઇ શકે કે વેદમાં બહુદેવતાઓનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. <u>આ પ્રકારનો શુદ્ધ બહુદેવતાવાદ મૂળમાં વૈદિક સિદ્ધાંત નથી</u>.

**બ્રહ્મવાદ:**

વૈદિક શાસ્ત્રમાં બ્રહ્મવાદ અને તાદાત્મ્યવાદ નું પ્રતિપાદન છે. તાદાત્મ્યનો અર્થ - " સૃષ્ટિમાં પ્રકટ જડ - જીવ - ઈશ્વર નાં વચ્ચે ન તો આત્યંતિક ભેદ છે અને ન તો આત્યંતિક અભેદ પણ. પાર્થક્યમાં આત્યંતિક ભિન્નતા ન હોવી અને એકતામાં અનેકતા વિરહિત ન હોવું તેને તાદાત્મ્ય કહે છે – सर्वं खल्विदं ब्रह्म, ऐतदात्म्यम् इदं सर्वम्" (છાંદોગ્ય ઉપ. ૪.૮.૭), "अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम्, भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च" ભગવદ્ગીતા (१३-१६) (તે ભૂતોમાં અવિભક્ત હોવા છતાં વિભક્ત હોય તેમ રહેલું છે). જેવી રીતે યજ્ઞમાં દેવતા, યજમાન અને હવિ હોય છે, તેમ સમસ્ત સૃષ્ટિ યજ્ઞ છે. બ્રહ્મે યજ્ઞ - રૂપ સૃષ્ટિ કરી છે જેમાં તે પોતે જ દેવતા, હવિ અને યજમાન બન્યો છે.

**તાદાત્મ્યવાદ = તત્વતઃ અદ્વૈત + ઐચ્છિક દ્વૈત (કેવલાદ્વૈત, દ્વૈત, દ્વૈતાદ્વૈત, વિશેષાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત થી ભિન્ન ).**

**બ્રહ્મની એકતા એવી નથી કે જેનાથી અનેકતાનો સર્વથા અભાવ આવે. અને અનેકતા એવી નથી કે જે એકતાને બાધ કરે - Brahman is not limited by its Unity (Aurobindo). જેમ એક જ સોનાનાં અનેક રૂપો – માળા, કુંડળ વગેરે હોય છે તેમ બ્રહ્મ જ જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ હોવા છતાં અનેક નામ, રૂપ અને કર્મો દ્વારા અનેક રૂપો ધારણ કરે છે. જેમ લોકમાં પ્રયોજનવિહીન કોઈ પણ કાર્ય સંભવતું નથી તેમ બ્રહ્મ પણ સૃષ્ટી, કોઈ પ્રયોજનવશાત, ઉત્પન્ન કરતો હશે. જો પ્રયોજન માનીશું તો બ્રહ્મનાં આપ્તકામત્વ અને પૂર્ણત્વ હોવાનાં ગુણોનો બાધ આવશે. ઉપરાંત જેમ લોકમાં ઇન્દ્રિયવાન જ કાર્ય કરી શકે છે તેમ બ્રહ્મને પણ ઇન્દ્રિયો હશે અને જો બ્રહ્મને ઇન્દ્રિયો હોય તો તેમાં ખંડ અને અવયવો છે તેમ માનવું પડશે અને તેમ માનવાથી તેનાં निष्कलत्व અને निरवयवत्व પર પણ બાધ આવશે. આ સર્વનું નિરાકરણ વેદ નીચે પ્રમાણે આપે છે -**

**નિરઅવયવત્વ અને કર્તૃત્વ: વિરુદ્ધ ધર્માશ્રયત્વ**

**બ્રહ્મ આ જગતરૂપી કાર્ય પ્રકટ કરે છે અને તેમ છતાં નિત્ય પણ રહે છે. એક અંશ દ્વારા સૃષ્ટી પ્રકટ કરે છે છતાં નિર - અવયવ પણ રહે છે. કેમકે બ્રહ્મની અચિંત્ય શક્તિઓ છે અને તેથી તે વિરુદ્ધધર્માશ્રયી છે. શ્રીભાગવત મહાપુરાણ કહે છે –**

**अर्वाचीन-विकल्प-वितर्क-विचार-कुतर्क-प्रमाणाभास-शास्त्र-कलिलान्तःकरण-दुरवग्रहवादिनां वादानवसरे सर्वभवनसमर्थे ब्रह्मणि विरोधाभावाच्च (ભા. પુ. ૬|૯|૩૬)**

**જગત એક લીલા**

**વિશ્વરૂપ કાર્ય ભગવાન શ્રીકૃષ્ણનું સૃજ્ય છે (રસાત્મક કૃતિ / લીલા) છે (यद्वैतत् सुकृतं रसो वै सः). ભગવાનની જ્ઞાન, ક્રિયા અને સ્નેહ શક્તિ દ્વારા થયેલી એક સુકૃતિ છે. આમ કરતાં ભગવાનમાં કોઈ વિકાર આવતો નથી જેમ કામધેનું, કલ્પવૃક્ષ અને ચિંતામણી અથવા યોગી. આ જગત રૂપી કાર્ય કરવાનું પ્રયોજન પણ માત્ર તેના આનંદનાં ઉચ્છલ્લનનાં કારણે (હર્ષ) દ્વારા અનાયાસ થતી ચેષ્ટાનાં કારણે છે જેને મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી 'લીલા' (अनायासेन हर्षात् क्रियमाणा चेष्टा लीला) કહે છે. આ રસાત્મક દ્રષ્ટિ આપણા શાસ્ત્રો આપે છે. રસની એક માંગ છે – એકતામાં વિવિધતા. ભગવાન આ જગત અને જીવ સૃષ્ટીની રચના આત્મ રૂપ સૃષ્ટિનાં પ્રકારથી કરે છે. આત્મરૂપ સૃષ્ટિમાં ઉપાદાન અને નિમિત્ત અભિન્ન (બ્રહ્મ) જ રહે છે અને ચિદ અને આનંદનાં આવિર્ભાવ અને તિરોભાવ દ્વારા સૃષ્ટિમાં વિચિત્રતાનું સંપાદન કરે છે. આમ ભગવાનમાં વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય રૂપ દોષ નથી. આત્મસૃષ્ટી માં વિષમતા દોષ રૂપ નથી**

**જગતમાં કોઈ સુખી અને કોઈ દુ:ખી છે. જગતનો પ્રલય પણ થાય છે. આમ બ્રહ્મ પર વિષમતા કરવાનો દોષ પ્રાપ્ત થાય છે અને પ્રલય કર્તા હોવાના કારણે તે નિર્દય છે તેવો સંશય પ્રાપ્ત થઇ શકે છે. તેનું સમાધાન છે – વિષમતા અને નિર્દયતા રૂપી દોષો તેને પ્રાપ્ત થાય છે જ્યાં પોતે અને અન્ય એવો તાત્વિક ભેદ હોય. પણ બ્રહ્મ પોતે જ જગત રૂપે પરિણમે છે અને તેથી આ આત્મ - સૃષ્ટિ છે અને આત્મસૃષ્ટીમાં તત્વતઃ અન્ય હોતું જ નથી અને તેથી વિષમતા અને નિર્ઘૃણતા તે દોષરૂપ રહેતા નથી અને તે લીલાનાં અંગ - તયા ગ્રહણ કરવામાં આવે છે. ઉપરાંત જીવોનાં કર્મો દ્વારા સુખ/દુઃખની પ્રાપ્તિ થાય છે.**

**વ્યક્તિની માર્યાદિત સ્વાતંત્ર્યતા**

**બ્રહ્મમાં પૂર્ણ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય છે અને જીવ પણ આ બ્રહ્મનો જ અંશ છે અને તેથી જીવમાં પણ આંશિક ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યરૂપી ગુણો વિદ્યમાન રહે છે. આ આંશિક ષડ - ગુણોનાં કારણે જીવમાં આંશિક કર્મ સ્વાતંત્ર્યતા હોય છે અને તેથી યદ્યપિ બ્રહ્મ સર્વકર્તા હોવા છતાં જીવનાં કર્મોનાં ફળ જીવને જ ભોગવવા પડે છે. શ્રીમહાપ્રભુજી આને દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે**

– **वृष्टिवद् भगवान्, बीजवत् कर्म** (બ્રહ્મ. સુત્ર. ૨|૧|૩૪). જેમ વૃષ્ટિ સર્વત્ર હોય છે પણ છતાં અંકુરની ઉત્પત્તિ તો જ્યાં બીજ હોય ત્યાં જ થાય છે તેમ ભગવાન સર્વકર્તા છે પણ જ્યાં જીવોનાં કર્મો હોય ત્યાં વિષમતા રહે છે. જો એમ હોય તો સંશય થાય શકે કે – ભગવાન, જો ફળ દાન જીવનાં કર્મોનાં પ્રમાણે કરતો હોય તો, તેનાં ઈશ્વરત્વની હાનિ થશે તો તેનાં સમાધાન માં શ્રુતિ કહે છે – **एषह्येवसाधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्यो उन्निनीषति, एष उ एवासाधु कर्म कारयति तें यमधो निनीषति" – कौषी.** उप. ३|८) – અર્થાત બ્રહ્મ જ પરમાત્મા રૂપ દ્વારા જીવને સાધુ - કર્મ અને અસાધુ - કર્મો કરવામાં પ્રેરિત કરે છે. જો સર્વ સાધુ / અસાધુ કર્મોમાં માત્ર ભગવદ - પ્રેરણા દ્વારા જ થતું હોય તો જીવનો કર્મ ફળભોગ પણ ઉપપન્ન નહી રહે અને તેથી જગતમાં કોઈ પણ પોતાના કર્મોની જવાબદારી લેશે નહી. તેમ જો સંશય કરવામાં આવે તો તેનું સમાધાન છે – બ્રહ્મ જ પોતાની આંશિક સ્વાતંત્ર્યતા જીવને પણ પ્રદાન કરે છે અને તે સર્વ જીવોમાં અવસ્થિત રહીને પ્રેરણા પણ કરે છે અને તેમ કરવાથી જીવ તેની માર્યાદિત ઈચ્છા - શક્તિ દ્વારા સારા / નરસા કર્મોમાં પ્રવૃત્તિ કરવા રૂપી નિર્ણય લેવાની આંશિક સ્વાતંત્ર્યતા તો હોય જ છે. જો જીવ પરમાત્મા ને શુદ્ધ કરે તો પ્રેરણા પણ સારા કર્મો કરવાની મળે છે તેથી "God helps those who help themselves" સાચી ઠરે છે. જેમ વ્યક્તિની સમાજમાં મર્યાદિત સ્વાતંત્ર્યતા હોય છે – ન્યાયતંત્ર દ્વારા, સંવિધાન દ્વારા, દૈશિક, કાલિક, વર્ણ, સમાજ ઈત્યાદી દ્વારા પણ માર્યાદિત રહે છે તેમ પરમાત્મા પ્રેરણા રૂપ બને તેમાં વ્યક્તિ સ્વાતંત્ર્યતામાં કોઈ હાનિ આવતી નથી. તેથી ભગવાનનાં સર્વકર્તૃત્વ ઉપર બાધ આવતો નથી સાથો સાથ તેમાં નિર્દયતા રૂપી દોષ પણ પ્રાપ્ત થતો નથી.

**કર્મની અનાદિતા**

હવે જો ભગવાન જીવોનાં કર્માનુસાર ફળ દાન કરે તો જગતનાં ઉત્પત્તિ પૂર્વે કર્મોનો અભાવ હોવાનાં કારણે જે કર્મો નથી કર્યા તેના ફળ - ભોગની પ્રાપ્તિ આવે અને પ્રલય બાદ જે કર્મો થયા છે તેના ફળ - ભોગનો અભાવ પ્રાપ્ત થશે. તેવી સ્થિતિમાં કૃતહાનિ અને અકૃત - અભ્યાગમરૂપી દોષો પ્રાપ્ત થાય છે. ઉપરાંત શરીર - સાધ્ય કર્મ અને કર્મ - સાધ્ય શરીર તેવો અન્યોન્યાશ્રય દોષ પણ પ્રાપ્ત થશે. તેના સમાધાનમાં – બ્રહ્મ એ કર્મ, કાલ, સ્વભાવ, પ્રકૃતિ અને પુરુષની સમષ્ટિ છે (Brahman is the holistic unity consisting of Time, Matter, static energy, kinetic energy and consciousness). તેથી જેમ બ્રહ્મ નિત્ય છે તેમ આ સર્વ પણ નિત્ય છે અને તેથી કર્મ પણ નિત્ય છે. સૃષ્ટિનાં ઉત્પત્તિ સમયે આ નિત્ય / અનાદિ કર્મ જ બ્રહ્મનાં રમણ ઈચ્છાના અંગ - તયા આવિર્ભૂત થાય છે અને પ્રલયમાં તિરોભૂત થાય છે. તેથી અન્યોયાશ્રય રૂપી દોષ પ્રાપ્ત થતો નથી.